પ.પૂ. મુનિરાજ શ્રી અરુણવિજયજી મહારાજ ની પવિત્ર નિશ્રામાં શ્રી વીશા શ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ જૈન સંઘ



આયોજિત - ચાતુર્માસિક ૨૬ રવિવારીય શ્રી મહાવીર જૈન શિક્ષણ શિબિર.

卐 સચિત્ર જાહેર વ્યાખ્યાન માળા 卐

# સચિત્ર ગણધરવાદ

પ્રવચનકાર અને લેખક - પ.પૂ. મુનિરાજ શ્રી અરુણવિજયજી મહારાજ

વિષય :- "નરક સિદ્ધિ"

વિ.સં. ૨૦૪૧ આસોસુદ ૬ ] વ્યાખ્યાન-૧૧ [ રવિવાર તા. ૩૦-૯-૮૪



## આઠમા ગણધર શ્રી અકંપિત સ્વામી

# વિષય "નરક સિદ્ધિ"

શંકા — નરક ગતિ છે કે નહીં ?
નારકી હશે કે નહીં ?

**ते पव्वइए सोउं अकंपिउ आगच्छइ जिणसगासं ।**
**वच्चामि ण वंदामि वंदित्ता पज्जुवासामि ॥**

પરમ પૂજ્ય પરમેશ્વર પરમપિતા પરમાત્મા ચરમતીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામીના ચરણારવિન્દમાં નમસ્કારપૂર્વક ............

ગણધરવાદના આ ક્રમમાં આઠમા ગણધર શ્રી અકંપિત સ્વામી આવ્યા. પોતાની આગળના જે વિદ્વાન પંડિતો પ્રભુની પાસે વાદ માટે ગયા તે ત્યાંજ નિરુત્તર થઈને, નિઃશંક થઈને ત્યાંજ દીક્ષિત થઇ ગયા છે તે સાંભળીને અકંપિત દેવ ગૌતમ પણ પોતાના શિષ્ય પરિવાર સાથે આવ્યા. તેઓ ૩૦૦ શિષ્યો સાથે સમવસરણે પહોંચ્યા. મનમાં ભાવ સારો છે. હું પણ જઇને વંદન કરીશ અને વંદન કરીને તેમની સેવા કરીશ. આ ભાવ સાથે જયાં સમવસરણમાં ઉપરના ત્રીજા પ્રાકારે પહોચ્યા ત્યાં તો

**आभट्ठो य जिणेणं जाइ – जरामरणविप्पमुक्केणं ।**
**नामेण य गोत्तेण य सव्वण्णूसव्वदरिसीणं ॥**

જન્મ–જરા અને મરણથી રહિત અને સર્વજ્ઞાની સર્વદર્શની જિનેશ્વર એવા શ્રી મહાવીર સ્વામી ભગવંતે

નામ અને ગોત્ર પૂર્વક બોલાવતાં કહ્યું.

હે ગૌતમ ગોત્રીય અકંપિત ! ભલે પધારો. સુખેથી પધારો. આવો સુંદર મીઠો આવકાર મળતાંની સાથે અકંપિત આગળ વધ્યા. અને મનમાં એમ વિચારવા લાગ્યા કે જે સર્વજ્ઞે મારા નામ-ગોત્ર કહ્યા છે તે મારા મનની શંકા પણ કહી આપે તો કેટલું સારું ?

અકંપિત તો હજી મનમાં વિચાર કરે છે ત્યાં તો અંતર્યામી કરૂણાસાગરે ફરમાવ્યું.

**किं मण्णे नेरइया अत्थि नत्थित्ति संसओ तुज्झ ।**
**वेयपयाण य अत्थं न याणसी तेसिमो अत्थो ॥**

હે અકંપિત ! આ જગતમાં નારકી જીવો છે કે નહીં ? હશે કે નહીં ? નરક છે કે નહીં ? આવા પ્રકારનો સંશય તારા મનમાં છે. અને તે સંશય પણ તને વેદનાં પદો વાંચતાં અને તેનો અર્થ બરોબર ન કરવાથી થયો છે. તે વેદપદોનો અર્થ તું જે વિચારે છે તે બરોબર નથી. અને પરસ્પર જે વિરુદ્ધ વેદ પદો આવ્યાં છે તેથી તું દ્વિધામાં પડયો છે. અને ત્યારથી સંશય (શંકા) તારા મનમાં ઘર કરી ગયો છે કે નારકી હશે કે નહીં ?

હવે તે વેદ પદો પણ તને કહું છું અને તું તેનો અર્થ કેવો કરે છે ? અને તું દ્વિધામાં કેમ પડયો ? કેમ તને સંશય થયો ? તે સર્વ હકીકત કહું છું.

**વેદ પદો અને તેનો અર્થ**

"**नारको वै एष जायते यः शूद्रान्नमश्नाति**" અર્થાત જે બ્રાહ્મણ થઈને શૂદ્રના હાથનું અન્ન ખાય છે તે નારકી થાય છે. નરકમાં

જાય છે. આ વેદવાક્ય નરકના અસ્તિત્વને જણાવે છે. નરકની –સિદ્ધિ સાબિતી આ વાક્ય ઉપરથી થાય છે. પરન્તુ બીજી બાજુ બીજું વેદવાક્ય એક એવું તારા જોવામાં આવ્યું અને તે છે— न ह वै प्रेत्य नारकाः सन्ति'' અર્થાત જીવ મરીને નારક થતો નથી. અથવા પરલોકમાં નારકી નથી એવો પણ અર્થ થાય છે.

આ વાકય નરક નથી એમ જણાવે છે એવું તેં માની લીધું છે. ઉપર એક વાકય નરકની સિદ્ધિ કરતું હતું, અને આ વાકય નરકનો નિષેધ કરે છે. એવા પરસ્પર બન્ને વિરુદ્ધ અર્થવાળાં વેદવાકયોને વિચારતાં તું દ્વિધામાં પડયો અને તેથી સંશય થયો. હવે સંશયમાં નિર્ણય શો કરવો ? એટલે તેં માની લીધું કે નરક ગતિ પણ નથી અને નારકી જીવો પણ નથી.

અને જેવો આ સંશયમાં તેં નિર્ણય કર્યો ત્યાં તારા મતને પુષ્ટિ મળતો તર્ક તને લાધ્યો કે હા. વાત તો સાચી જ છે. જો નારકીઓ હોય તો દેખાય કેમ નહીં ? અથવા માનો કે ન દેખાય, પરંતુ જયાં હોય ત્યાંથી અહીંયાં આવે કેમ નહીં ? મને તો હજી સુધી દેખાણા પણ નથી. મેં જોયા પણ નથી. માટે બરોબર છે કે નારકી જીવો પણ નથી અને નરક પણ નથી. આ પ્રમાણે એક બાજુ તો મનમાં દ્વિધા શંકા હતી જ અને બીજી બાજુ આ પ્રત્યક્ષ પ્રમાણથી તને પુરાવો મળ્યો એટલે તેં માની લીધું કે, નારક પણ નથી અને નરક પણ નથી. આ પ્રમાણે તારી માન્યતા થઇ ગઇ છે.

ભ. મહાવીર–પરન્તુ હે અકંપિત! તારી આ માન્યતા બરાબર નથી. તને જે વેદ વાકયોથી શંકા થઈ છે તે વેદ વાકયોનો તું વાસ્તવિક બરાબર અર્થ નથી કરતો માટે તને આ શંકા થઈ છે. જો બરાબર અર્થ કર્યો હોત અને પૂર્વાપરનું અનુસંધાન સમજ્યો હોત તો આ સવાલ ઊભો જ ન થાત. તો હવે પહેલાં એ વેદ વાકયોનો સાચો વાસ્તવિક અર્થ તું સમજી લે.

## વેદવાકયોનો વાસ્તવિક અર્થ

**"न ह वै प्रेत्य नरके नारकाः सन्ति"**

ભ. મહાવીર – હે અકંપિત! આ વેદવાકયથી તું જે નારક અને નરકનો અભાવ સિદ્ધ કરે છે તે યોગ્ય નથી. આ વાકય અભાવ દર્શક નથી. પરન્તુ એનું તાત્પર્ય એવું છે કે જેમ આ પૃથ્વી ઉપર અહીંયાં મેરૂપર્વત આદિ જેમ શાશ્વતા નિત્ય છે તેમ નરકમાં નારકીઓ શાશ્વતા નથી. કાયમ ત્યાં જ રહેવાના છે તેમ નથી. પરન્તુ જે પ્રાણી ઉત્કૃષ્ટ પાપ ઉપાર્જન કરે છે તે મરીને પરભવમાં નારકી થાય છે. આ પ્રમાણે તે વેદ પદનો અર્થ છે. અથવા 'નારકી મરીને ફરીથી અનંતર એટલે તુરત પાછા નારકીપણે ઉત્પન્ન થતા નથી' એમ તે વેદ પદનો અર્થ કરવાનો છે. એથી હે અકંપિત ! આ વિધિ વાકયથી એમ કહેવાનો આશય છે કે જે ઉત્કૃષ્ટ પાપ કરે છે તે અહીંથી મરીને પરલોકમાં નારકી થાય છે. માટે કોઇએ પણ એવું પાપ ન કરવું, કે જેથી પરભવમાં નારકી થવું પડે. હે અકંપિત ! વેદ વાકયોનો યથાર્થ અર્થ અને વાસ્તવિકતા તું આ પ્રમાણે જાણ. વેદ વાકયોનો ગૂઢ આશય સમજે તો સંશયને કોઇ સ્થાનનો અવકાશ જ નથી રહેતો.

## પ્રત્યક્ષ પ્રમાણથી નારક સિદ્ધિ

અકંપિત–હે ભગવંત ! જેમ ઇન્દ્રિય પ્રત્યક્ષથી અત્રે મનુષ્યો સ્પષ્ટ દેખાય છે, તિર્યંચ પશુ–પક્ષીના જીવો પણ દેખાય છે અને ત્રીજી દેવગતિના દેવતાઓ ચંદ્ર–સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા આદિ જ્યોતિષ્ક મંડળના દેવતાઓ પણ અહીંથી આપણને ઇન્દ્રિય પ્રત્યક્ષથી સ્પષ્ટ દેખાય છે. પરન્તુ ચોથી નરક ગતિના નારકી જીવો તો દેખાતા જ નથી. અને નથી દેખાતા, કોઇને પણ પ્રતીતિ થતી જ નથી તો આ "નારકી" 'નરક' આ બન્ને નિરર્થક સિદ્ધ થશે. કારણ, વિદ્યમાન આ સંસારમાં નરક અને નારકી આ શબ્દથી વાચ્ય પદાર્થ શો લેવો ? આ પ્રમાણે આ બન્ને પદોથી વાચ્ય પણ કોઈ પદાર્થ નથી.. કોઈ જીવો દેખાતા નથી. તો પછી નારકી છે એ કેવી રીતે માનવું ?

ભગવાન મહાવીર – હે સૌમ્ય અકંપિત ! એમ નથી. શું માત્ર ઇન્દ્રિય પ્રત્યક્ષ એક જ પ્રત્યક્ષ છે ? અને શું અતીન્દ્રિય પ્રત્યક્ષ એ પ્રત્યક્ષ નથી ? શું ઇન્દ્રિયો વડે જ આત્મા પ્રત્યક્ષ કરી શકે છે ? અને શું ઇન્દ્રિયો વિના સીધો આત્મા પોતે પ્રત્યક્ષ નથી કરી શકતો? ચોકકસ કરી શકે છે.

પ્રત્યક્ષ બે પ્રકારના છે.

- ઇન્દ્રિય પ્રત્યક્ષ
  - સ્પર્શનજ
  - રસનાજ
  - ઘ્રાણજ
  - નેત્રજ
  - શ્રોત્રજ
- નોઇન્દ્રિય(અતીન્દ્રિય)

સાંવ્યાવહારિક — પારમાર્થિક

સાંવ્યાવહારિક: અવધિજ્ઞાનજ, મનઃપર્યવજ્ઞાનજ

પારમાર્થિક: કેવળજ્ઞાનજ

આ પ્રમાણે પ્રત્યક્ષ બે પ્રકારના છે. તેમાં પ્રથમ જે ઇન્દ્રિય પ્રત્યક્ષ છે તે પાંચ પ્રકારે છે. કારણ, ઇન્દ્રિયો પાંચ છે. અને તે પાંચેના વિષયો વર્ણ–ગંધ–રસ–સ્પર્શ–શબ્દ દ્વારા થતા પદાર્થોના પ્રત્યક્ષ તે ઇન્દ્રિય પ્રત્યક્ષ કહેવાશે. સ્પર્શ (ચામડી)જન્ય પ્રત્યક્ષ –તે સ્પર્શજ. રસના (જીભ) જન્ય પ્રત્યક્ષ જેનાથી ખારો, તીખો, મીઠો આદિ રસાસ્વાદની અનુભતિ તે રસનાજ પ્રત્યક્ષ. ઘ્રાણ (નાક) વડે થતું ગન્ધનું પ્રત્યક્ષ અર્થાત સુગંધ, દુર્ગન્ધની અનુભૂતિ તે ઘ્રાણજ પ્રત્યક્ષ. નેત્ર (આંખ) વડે લાલ, લીલો, પીળો કાળો વગેરે જે વર્ણ (રંગ) દેખાય છે તે નેત્રજ પ્રત્યક્ષ અને પાંચમી ઇન્દ્રિય –શ્રોત્રેન્દ્રિય (કાન) વડે જે શબ્દ (ધ્વનિ) શ્રવણ કરવાપૂર્વક જે શ્રવણ થાય છે તે શ્રોત્રજ પ્રત્યક્ષ થાય છે.

આ પ્રમાણે પાંચ ઇન્દ્રિયો છે અને છઠ્ઠું મન છે. મન વડે યોગી પણ પ્રત્યક્ષ કરી શકે છે. અને અયોગી પણ પ્રત્યક્ષ કરી શકે છે તે માનસ પ્રત્યક્ષ કહેવાય છે.

પ્રતિ + અક્ષ = પ્રત્યક્ષ. અહીંયાં અક્ષ શબ્દ ઇન્દ્રિય અર્થમાં વાપરવામાં આવ્યો છે. પરન્તુ “અક્ષ” એટલે માત્ર ઇન્દ્રિય જ અર્થ થાય છે એવું નથી. અક્ષ એટલે આત્મા પણ અર્થ થાય છે.

"जीवो अक्खो अत्थव्वावण भोयण गुणण्णिवओ जेण ।
तं पइ वट्टइ नाणं जं पच्चक्खं तयं तिविहं" ॥ ८९ १

"अशुङ्‌ व्याप्तौ" (अश्नुते-ज्ञानात्मना सर्वानर्थान् व्याप्नोतीत्यक्षः" अथवा "अश् भोजने" अश्नाति सर्वानर्थान् यथायोगं भुङ्क्ते पालयति वेत्यक्षो-जीव (आत्मा) उभयत्राप्यौणादिकः सकप्रत्ययः"२

આ પ્રમાણે 'અક્ષ શબ્દથી આત્મા (જીવ) એવો અર્થ થાય છે. 'अक्षं प्रति गतं प्रत्यक्ष' અર્થાત આત્મા પ્રતિ ગયેલું તેમજ ઇન્દ્રિય પ્રતિ ગયેલું તે પ્રત્યક્ષ એમ બન્ને અર્થ થાય છે. તેથી જ પ્રત્યક્ષના પણ બે ભેદો થયા. ઇન્દ્રિય પ્રત્યક્ષ અને બીજો નોઇન્દ્રિય પ્રત્યક્ષ: (નન્દી સૂત્રમાં આ મુખ્ય બે ભેદ પાડયા છે) નોઇન્દ્રિય પ્રત્યક્ષમાં જે સીધું આત્મા વડે જ જ્ઞાન કરવાનું છે તેમાં પણ પૂર્ણતા અને અપૂર્ણતાના આધારે બે ભેદ પડે છે. સાંવ્યાવહારિક પ્રત્યક્ષમાં અવધિ – અમુક મર્યાદા સુધીના ક્ષેત્રનું જ્ઞાન તે અવધિજ્ઞાન. અવધિ દર્શનમાં પણ મર્યાદિત ક્ષેત્ર છે, સર્વ નથી. એ જ પ્રમાણે મનઃ પર્યવજ્ઞાનના વિષયમાં પણ માત્ર સંજ્ઞિ પંચેન્દ્રિય જીવોના જ મનોગત ભાવો જણાય છે. પરન્તુ અસંજ્ઞિ અર્થાત મન વિનાના જીવો પણ જગતમાં અનન્તા છે. તો તેમના ભાવો જાણવાનું કામ કોણ કરશે ? મનઃપર્યવ જ્ઞાનની પણ સીમા છે. માટે સર્વથા પારમાર્થિક પ્રત્યક્ષ મહત્ત્વનું છે. પારમાર્થિક પ્રત્યક્ષ સમસ્ત બ્રહ્માંડના સર્વદ્રવ્ય પદાર્થોના અનન્ત ગુણ – પર્યાયો સાથે પ્રત્યક્ષ કરે છે. ત્રિકાલાબાધિત રીતે પ્રત્યક્ષ કરે છે. માટે તેને કેવળજ્ઞાન,

---

૧. વિશેષાવશ્યકભાષ્ય. ૨. નન્દીસૂત્રની વૃત્તિ

કેવળદર્શન કહેવામાં આવે છે. આ કેવળજ્ઞાન–કેવળદર્શનને જ પારમાર્થિક પ્રત્યક્ષ કહેવાય છે. અને આ જ્ઞાન આત્માને થાય છે, ઇન્દ્રિયોને નહીં. માટે આત્મા ઇન્દ્રિયોની મદદ વિના પણ સમસ્ત લોકાલોકના સર્વ ભાવને ત્રિકાલાબાધિત રીતે જાણી–જોઈ શકે છે.

**કેવલી પ્રત્યક્ષથી નરક સિદ્ધિ** - માટે હે અકંપિત! આવા સર્વજ્ઞ, સર્વજ્ઞાની સર્વદર્શની જે જોઈને, અથવા જેનો પ્રત્યક્ષ કરીને જણાવે તે પણ અસંદિગ્ધ હોય છે. સંશય રહિત હોય છે. તેમાં શંકાને સ્થાન પણ નથી રહેતું.

અને એવું અનન્તજ્ઞાન–દર્શન અર્થાત કેવળજ્ઞાન કેવળ–દર્શન મને થયું છે અને તેથા સંપૂર્ણ નરકગતિ, સર્વનારકો મને પ્રત્યક્ષ છે. તેથી હું જોઈ રહ્યો છું તેવું તારી આગળ સ્પષ્ટ વર્ણવી રહ્યો છું. તેથી તે તારા માટે પણ શ્રદ્ધેય છે, સ્વીકાર્ય છે.

અકંપિત– પરન્તુ હે ભગવંત! આપ સર્વજ્ઞ છો એમાં શું પ્રમાણ છે? હું કેવી રીતે માની લઉં કે આપ સર્વજ્ઞ છો?

सच्चं चेदमकंपिय ! महवयणाओऽवसेसवयणं व ।
सव्वण्णुत्तणओ वा अणुमयसव्वण्णुवयणं व ॥
भय-राग-दोस-मोहाभावाओ सच्चमणाइवं च ।
सच्चं च्चिय मे वयणं जाणयमज्झत्थवयणं व ॥
किह सव्वण्णु त्ति मई पच्चक्खं तव्वसंसयच्छेया ।
भय-राग-दोसरहिओ तल्लिंगाभावओ सोम्म ॥

**'પ્રભુના સર્વજ્ઞપણાની સિદ્ધિ'**

હે અકંપિત! જે રીતે મેં તારા મનની શંકાને

સત્ય સ્વરૂપે પ્રગટ કરી છે. જે તારી શંકા, મનોગત સંશયને જ્યારે કોઈ નથી જાણતું ત્યારે તે સંશયને તારા કહ્યા વિના જ મેં કહી આપ્યો છે. અને તે સત્ય છે, એમ તેં સ્વીકાર કર્યો છે. તો પહેલાં તો એનાથી જ તને ખાત્રી થઇ જાય કે હું સર્વજ્ઞ છું. સર્વજ્ઞ વિના આવી રીતે મનોગત સંશયનું સ્વરૂપ અને તે પણ ક્યારે, કેવી રીતે, શા માટે થયું ? આ પ્રમાણે કહેવું અશક્ય છે. અસંભવ છે.

જ્યારે મેં પ્રગટ કરેલા તારા સંશયને તું સત્ય માને છે. તો તે જ પ્રમાણે હું છું કે નરક છે, નારકીઓ પણ છે તો તે પણ તું સત્ય સ્વરૂપે સ્વીકાર કર. કારણ કે એ પણ સર્વજ્ઞનું વચન છે. માટે સ્વીકાર કરવામાં દોષરહિત છે. વળી, તને જે ઈષ્ટ જૈમિનીય છે અને તેમને જો તું સર્વજ્ઞ માની શક્તો હોય તો મને શા માટે નહીં ? માટે જૈમિની આદિ સર્વજ્ઞના વચનને જો તું સત્ય માને છે તો મારું વચન પણ સર્વજ્ઞપણું હોવાના કારણે તારે સત્ય માનવું જ જોઇએ.

કારણ કે મારું વચન પણ સત્ય છે, અહિંસક છે. જે અસત્ય અને હિંસક વચન હોય તેની પાછળ ભય, રાગ, દ્વેષ, મોહાદિ કારણો હોય છે. જે કર્મજન્ય હોય છે અને તે બધાનો અર્થાત ભય, રાગ દ્વેષ, મોહનો મારામાં સદંતર અભાવ છે. જેનો ખ્યાલ તને પણ સ્પષ્ટ આવી જ જતો હશે. કારણ કે તે ભય-રાગ-દ્વેષાદિના કારણભૂત મોહનીય આદિ કર્મો હવે મારામાં નથી. તે ચારે ઘાતી એવાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય તથા અંતરાય કર્મોનો મેં સર્વથા ક્ષય કરી નાખ્યો છે. તેનો મારામાં સદંતર અભાવ છે. અને તે ભય, રાગ, દ્વેષ

મોહાદિ તો નથી–નથી. પરન્તુ તેના સૂચક ચિન્હો, હેતુઓ, હાસ્ય–રૂદન– હસવુ, રડવુ, પ્રીતિ–અપ્રીતિ ભય–જુગુપ્સા આદિ પણ મારા કોઇ નિમિત્ત અથવા સહકારી હેતુઓ પણ નથી. માટે ચારે ઘનઘાતિ કર્મક્ષય જન્ય જે સર્વજ્ઞતા હોય છે તે મારામાં પ્રાપ્ત થયેલી છે. પ્રગટ થયેલી છે જેને ચારે ઘાતી કર્મો ઉદયમાં હોય છે, સત્તામાં હોય છે તેને સર્વજ્ઞતા–સર્વદર્શનતા નથી હોતી. અને જેને તે ચારે ઘન-ઘાતી કર્મોનો ક્ષય અભાવ હોય છે તેનામાં સર્વજ્ઞતા–સર્વ-દર્શનતા અવશ્ય હોય છે. એટલે મારામાં સર્વજ્ઞતા નથી એવો સંશય કરવો યોગ્ય નથી.

વળી, જેમ એક મનુષ્ય તટસ્થ–મધ્યસ્થ હોય છે, તે પ્રમાણે જ્ઞાતા–દ્રષ્ટા એવા મારા જેવા સર્વજ્ઞનું વચન પણ તટ-સ્થના જેવું સત્ય અને અહિંસક માનવું જોઇએ. કારણ કે ભય–મોહ–રાગ–દ્વેષાદિ ન હોવાના કારણે વીતરાગતા તથા સર્વજ્ઞતા હોવાના કારણે અસત્ય બોલવાનાં કારણો પણ મારામાં નથી. અસત્ય (જુઠુ) બોલવાનાં કારણો તરીકે ગણાતાં ક્રોધ, લોભ, ભય, હાસ્ય (માન, માયા) આદિ પણ મારામાં સર્વથા નથી. માટે ખોટું બોલવાનું પણ કોઈ પ્રયોજન નથી. ભય–રાગ–દ્વેષાદિ યુકત મનુષ્ય અજ્ઞાની કહેવાય છે. અને તેથી રહિત સર્વજ્ઞાની–વીતરાગી કહેવાય છે. માટે સર્વજ્ઞ અને સર્વજ્ઞનું વચન બન્ને પ્રમાણ માનવું જોઇએ. આ પ્રમાણે અકંપિતને યથાર્થ પ્રતીતિ થઈ. અને તે નતમસ્તક થઇ ગયા.

હે અકંપિત ! આવા પ્રકારનું કેવળજ્ઞાન, કેવળદર્શન મને હોવાથી હું સર્વજ્ઞ-સર્વદર્શી છું અને

તેથી હું પારમાર્થિક પ્રત્યક્ષ (કેવળજ્ઞાન)થી હું નરકને જોઉં છું, નારકીઓને પણ જોઉં છું, તથા જાણું છું અને જેવું જોઉં છું અને જાણું છું તેવું જ તારી આગળ વર્ણન કરું છું. માટે તેમાં યથાર્થતા અને વાસ્તવિકતા તારે સ્વીકાર કરવી. તેમાં સંદેહ ન રાખવો.

આ સાંભળીને સર્વજ્ઞતાની યથાર્થ પ્રતીતિ કરીને અકંપિત નતમસ્તક થઇ ગયો. અને પછી બીજો પ્રશ્ન પૂછયો–હે કૃપાલુ ! જો ખરેખર નારકી જીવો છે તો પછી તે અહીં આવતા કેમ નથી ?

## નારકીઓ અહીં આવતા કેમ નથી ?

(રાજા પ્રદેશીએ પણ કેશી ગણધરને એવો જ પ્રશ્ન પૂછતાં કહ્યું હતું- મહારાજ ! મારા દાદા મહાનાસ્તિક હતા. ઘણાં પાપ કરતા હતા. અને તમારા કહેવા પ્રમાણે ઘણાં પાપ કરનારા જો નરકમાં જાય તો મેં મારા દાદાને કહ્યું હતું કે જો તમે નરકમાં જાઓ તો મને અહીંયાં કહેવા આવજો. ત્યાં શું છે ? ત્યાં કેવું દુ:ખ છે ? પાપની સજા કેવી ભોગવવી પડે છે ? વગેરે. પરન્તુ મહારાજ ! મારા દાદાને મરી ગયે વર્ષો વીતી ગયાં છે અને હજી સુધી આવ્યા નથી. જો નરક જેવી કોઈ ગતિ કે કંઇ પણ હોત તો મારા દાદા આવ્યા હોત. પરન્તુ નથી આવ્યા. માટે નરક નથી, નારકી નથી. એવો મારો દઢ મત છે.

ઉત્તર–પ્રદેશી રાજાના આ પ્રશ્નનો ઉત્તર આપતાં પૂ. કેશીગણધરે ફરમાવ્યું– હે પ્રદેશી ! ધારો કે એક મનુષ્ય ઘરેથી કહીને નીકળ્યો છે કે હું હમણાં પાછો થોડી વારમાં જ આવું છું.

અને તે નીકળ્યા પછી તારી અત્યન્ત માનીતી રાણી કાર્યવશાત બહાર નીકળી હોય અને એવું એકાંત-નિર્જન સ્થાન જોઈને કામાતુર થઈ બધું ભાન ભૂલીને તારી રાણી ઉપર તે બળાત્કાર ગુજારે, શિયળ ભંગ કરે. રાણીની ચીસો સાંભળનાર કોઈ ન રહે. અને રાણીને મારવા શરીર ઉપર ઘા કરે. અને એવામાં ઓચિંતા રાજ સૈનિકો આવી પહોંચે અને પેલા દુષ્ટ દુરાચારીને પકડીને તારી સમક્ષ હાજર કરે, અને આ વાત સાંભળીને તું લાલ-ચોળ થઇ જાય અને પેલા દુષ્ટ અપરાધીને ફાંસીની સજા ફરમાવતો હોય. પેલો દુષ્ટ રીબાતો હોય-ત્રાસ અનુભવતો હોય. એવા સમયે એ ધારે તો પણ ઘરે જઇ શકે? મનમાં ખૂબ ઇચ્છા હોય કે ઘરે જઇ આવું. મારાં બાળબચ્ચાં, પત્ની પરિવારને તો મળું... મનમાં તો ઇચ્છા ઘણી હોય. અને કદાચ તારી આગળ આજીજી કરે, મને છોડો. મને જવા દો, હું કાલે પાછો આવીશ. તો શું હે રાજન! તું એને છોડે? જવા દે ખરો?

રાજા પ્રદેશી—ના સાહેબ! હરગિજ નહીં.

કેશીસ્વામી – હે પ્રદેશી! બસ, તો નરક પણ એવી જ છે. નરક એક ગતિ છે. તે આપણી પૃથ્વી નીચે અધો લોકમાં છે. અને અહીંથી પ્રકર્ષ પાપના કારણે જે જીવો નરકમાં ગયા હોય તે ત્યાં મહાભયંકર દુઃખ ભોગવતા હોય છે. તેમને દુઃખ આપવામાં જેને મજા આવે છે, એવા પરમાધામીઓ ત્યાં હોય છે. તે તેમને છોડે તેમ નથી. અને અસહ્ય દુઃખ ભોગવતા હોય છે. પરમાધામી-ઓને આધીન તેમના વશમાં હોય છે. તો હે પ્રદેશી!

હવે વિચાર કર કે તારા દાદા અહીં તને કહેવા માટે પણ આવી શકે ખરા? લાગે છે કોઈ શકયેતા ?

પ્રદેશી રાજા કેશી સ્વામીનો તર્ક-યુક્તિપૂર્વક ઉત્તર સાંભળી વાસ્તવિકતા સમજી ગયો. વસ્તુ તત્ત્વનો તેણે સ્વીકાર કર્યો.)

એ જ વાત અહીંયાં પણ સમજવાની છે. આ જ ઉત્તર ભગવંતે અકંપિતને આપ્યો છે. એનાથી એ સ્પષ્ટ થાય છે કે નારકી જીવો આવી નથી શકતા.

**અનુમાન પ્રમાણુથી નરક સિદ્ધિ—**

**पावफलस्स पगिट्ठस्स भोइणो कम्मओऽवसेसट्ठ ।**
**सन्ति धुवं तेऽभिमया नेरइया, अह मई होज्जा ॥**
**अच्चत्थदुक्खिया जे तिरियनरा नारगत्ति तेऽभिमया ।**
**तं न जओ सुरसोक्खप्पगरिससरिसं न तं दुक्खं ॥**

જીવો અહીંયાં પાપની પ્રવૃત્તિમાં પણ રત છે. મનુષ્યો– તિર્યંચ પશુ- પક્ષીઓ પણ પાપની પ્રવૃત્તિઓ સતત કરે છે. આ બધાં કરેલા પાપોને કયાંય ભોગવવાં તો પડશે કે નહીં ? એક માણસ ૧૦૦ વાર ચોરી કરે અને માંડ ૧-૨ વાર પકડાય છે. અને ૨-૪ વર્ષની સજા જેલમાં ભોગવી આવે છે. પરન્તુ જે ૯૮ કે ૯૯ વારની ચોરીમાં નથી પકડાયો તેનું શું ? ન પકડાય એટલે શું તે પાપમાંથી છટકી જાય છે ? ના. કયારેય નહીં. ચોર કદાચ આ ધરતી ઉપર પોલીસના હાથમાંથી છટકી જશે. પકડાતાં બચી જશે. એ વાત હજી પણ સંભવ છે પરન્તુ જે પાપ કર્યાં છે તેમાંથી તેણે નરકમાં તો જવું જ પડશે. અને ત્યાં પરમાધામીઓના હાથમાંથી છટકવાનો સંભવ નથી. કોઈ સંજોગોમાં પણ નરકમાં તો છટકી શકે

તેમ જ નથી. કહેવત છે કે "દેર હૈ, પર અંધેર નહીં".

માણસ છેલ્લી મરણ પથારીએ પડયો હોય છે. ભારે માંદગી પણ ભોગવતો હોય છે. અને મૃત્યુની ઘડીઓ ગણાતી હોય છે એવા સમયે પણ કોઇ શું પોતે જિંદગીમાં કરેલાં પાપો ભૂલી જાય છે? ના. માણસ શું ખાધું-પીધું હતું વગેરે ભૂલી શકે છે પણ જગતમાં કોઇ પણ વ્યકિત પોતાનાં પાપો ભૂલી નથી શકતી. દરેકને પોતાનાં પાપો તો યાદ જ હોય છે. તો અહીંયાં જે પાપો કર્યાં છે તેની સજા તો ભોગવવાની જ છે. એ સજા કયાં કેટલા પ્રમાણમાં ભોગવાય છે?

અકંપિત — હે ભગવંત! આજ ધરતી ઉપર જે મનુષ્યો તથા તિર્યંચ પશુ-પક્ષીનાં જીવો છે તે બધા જે પ્રકારની ભૂખ-તરસ-છેદન-ભેદન-મારણ આદિની વેદના ભોગવતા હોય છે તેમને જ આપણે નારકી માની લઇએ તો શો વાંધો છે? કારણ કે દુઃખ તો ભોગવે જ છે ને?

ભગવાન — હે અકંપિત! ના. એમ નથી. પાપો પણ બે પ્રકારનાં છે. કેટલાંક સામાન્ય કક્ષાનાં પાપો છે. અને કેટલાંક ઉત્કૃષ્ટ (પ્રકૃષ્ટ) કક્ષાનાં પાપો છે. અહીંયાં મનુષ્યો અને પશુ-પક્ષીઓ જે દુઃખ-વેદના ભોગવે છે એ તો સામાન્ય વેદના છે. બહુ ઓછું દુઃખ છે અને સાથે થોડાઘણા અંશે સુખ પણ છે. હા. સુખનું પ્રમાણ ઓછું અને દુઃખનું પ્રમાણ વધારે છે એ પણ વાત બરોબર છે. પરંતુ હજી તેથી પણ વધારે ઉત્કૃષ્ટ કક્ષાનું પણ દુઃખ હોય છે. જેમ દરેક વસ્તુ અવસ્થા વિશેષની ચરમ સીમા-અંતિમ તો છેડા હોય છે. દા. ત., સુખ છે, તો

સુખની પણ ચરમસીમા છે. અહીંયાં જે મનુષ્યો સુખ ભોગવે છે તે તો સામાન્ય સુખ છે. અને પાછું દુઃખમિશ્રિત સુખ છે. ક્ષણિક સુખ છે. ક્ષણિક એટલા માટે કે જેની પાછળ દુઃખના ડુંગરો તો ઊભા જ છે. એટલે સુખાભાસ માત્ર જ છે- પરન્તુ ઉત્કૃષ્ટ સુખ પણ છે અને તે ભોગવનારા જીવો–ગતિ વગેરે પણ છે.

**सुख दु:खे मनुजानां मन: शरीराश्रये बहुविकल्पे ।**
**सुखमेव तु देवानामल्पं दुखं तु मनसिभवम् ॥**

આચારાંગ ટીકામાં કહ્યું છે કે, મનુષ્યને માનસિક અને શારીરિક નાના પ્રકારનાં સુખ–દુઃખ હોય છે. પણ દેવોને તો શારીરિક સુખ જ હોય છે. અલ્પ માત્રામાં માનસિક દુઃખ હોય છે.

મનુષ્ય–તિર્યંચમાં ભૂખ–તરસ ઠંડી–ગરમી આદિનાં દુઃખો તો સામાન્ય છે તેથી ઉત્કૃષ્ટ છેલ્લી ચરમ સીમાનાં દુઃખો ભોગવવાની તો એકમાત્ર ગતિ નરકગતિ જ છે. જેમ ચરમ સુખો, ઉત્કૃષ્ટ સુખો ભોગવવાની ગતિ તે સ્વર્ગની ગતિ છે. તેમ છેદન, ભેદન, તાડન, મારણ, વગેરેનાં પ્રકૃષ્ટ પાપોની સજારૂપે દુઃખો ભોગવવાની ગતિ પણ છે. અને તે છે નરકગતિ.

**सततमनु बद्धमुक्तं दु:खं नरकेषु तीव्रपरिणामम् ।**
**तिर्यक्षूष्ण-भय-क्षुत्-तृडाद्दिदु:खं सुखं चाल्पम् ॥**

નારકી જીવોમાં તીવ્ર પરિણામવાળું સતત દુઃખ લાગ્યું જ રહે છે. તિર્યંચગતિનાં પશુ પક્ષીઓમાં ઉષ્ણ, તાપ,

ભય, ભૂખ, તૃષા એ બધી જાતનું દુઃખ હોય છે. અને સાવ અલ્પ સુખ હોય છે. (આ પ્રમાણે આચારાંગ સૂત્રની ટીકામાં છે.)

**"कृतं कर्म अवश्यमेव भोक्तव्यम कल्पकोटिशतैरपि"** – કર્મસત્તાના આ નિયમ પ્રમાણે પણ વિચાર કરતાં સ્પષ્ટ જણાય છે કે કરેલા ગાઢ નિકાચિત કર્મો તો અવશ્ય ભોગવવાના જ છે. ભલેને પછી કરોડો વર્ષો વીતી જાય. તો પણ છૂટકો જ નથી.

## પાપ અને સમયમર્યાદા

હે અકંપિત ! જો નરક ગતિ ન માનીએ અને માત્ર અહીંયા મનુષ્ય ગતિમાં જ બધા પાપ કર્મોની સજા ઉદયમાં આવે છે એમ માનીએ તો પણ ઘણા દોષો આવશે. મનુષ્યનું આયુષ્ય કેટલું ? વર્તમાનકાળે તો ૮૦, ૯૦, ૧૦૦ સુધી વધુમાં વધુ છે. હવે ફક્ત ૧૦૦ વર્ષમાં એના કરેલા બધા પાપેની સજા અહીં ભોગવવા બેસે તો આયુષ્ય જ પુરૂ થઈ જાય. અને માનો કે એક જીવે લાખો પાપ કર્યા છે. તો તેને માટે દુઃખની સજા ભોગવવા માટે કેટલા વર્ષો જોઈએ ? એક મનુષ્યે એના ૮૦ વર્ષના જીવનમાં ત્રણસોથી ચારસો વાર નાની મોટી ચોરી કરી છે. એક એક વારની ચોરીમાં ૫ થી ૧૦ વર્ષની જેલ મળે છે. અને આટલી ચોરીમાં તે ૭ વખત તો પકડાયો છે. તેમ દરેક વખતે ઓછા વધારે વર્ષોની સજાના કારણે તે જીવનમાં ૫૮ વર્ષ તો જેલમાં સજા ભોગવી ચૂકયો છે. તો આ ૫૮ વર્ષ તો ફકત ૭ વર્ષની સજાના છે.

હજી એ સિવાયની ચોરીઓ કેટલી બાકી છે ? ૩૦૦

૪૦૦ ચોરીઓમાંથી ફક્ત ૭ વખતની ચોરીમાં પકડાયો અને ૫૮ વર્ષની જેલ ભોગવી તો જે બીજી બધી ચોરીઓ છે તેનું શું ? ભલે અહીંયાં પોલીસના હાથે નથી પકડાયો. પરન્તુ એની ચોરીના બધા પાપો જે કર્યા છે તે એને તો યાદ જ છે. અને અહીંયાં એટલામાં એનું આયુષ્ય પુરૂ થઇ જાય છે. પછી તો નરકમાં જ જવાનો છે. ત્યાં બાકીની બધી ચોરીઓની સજા ભોગવશે. નરક પણ એક જાતની ભયંકર જેલ જેવી છે. અરે જેલ કરતાં તો હજાર ગણી ખરાબ. અને હંટર મારનાર પોલીસ અથવા સજા આપનાર જલ્લાદના જેવા પરમાધામીઓ છે. હવે નરકમાં ફક્ત ૮૦-૧૦૦ વર્ષનું જ આયુષ્ય મળે તો ન ચાલે. પાપ ભોગવવાના બાકી હોય અને આયુષ્ય પુરૂ થઇ જાય તો શું કામનું ? તો ફરી બીજી વખત આવવું પડે. એટલા માટે નરકગતિમાં આયુષ્યો પણ લાખો-કરોડો વર્ષો ઉપરના હોય છે. કારણ કે આ તો ફક્ત ચોરીના એટલે એક પ્રકારના પાપની સજા થઇ. અને એક-એક જીવે કેટલી કેટલી જાતના પાપો કર્યા છે ? શું ફક્ત ચોરી જ કરી છે ? ના. ચોરી સાથે ખોટુ પણ બોલ્યો હશે, હિંસા, ખૂન, લૂંટ, બળાત્કાર, દારૂ સેવન, પરસ્ત્રીગમન, વેશ્યાગમન વગેરે બધી જાતના પાપો કર્યા હશે. તો તે બધી જાતના પાપો માટેના સજાનું શું ? હજી બીજા કેટલા વર્ષો જોઇશે ?

**અહીં કરેલાં પાપો અહીં જ ન ભોગવાય ?** (અકંપિતનો પ્રશ્ન)

હે ભગવંત-શું અહીં કરેલા પાપોનું ફળ અહીંયાં જ ન મળે ? જો સારા-કર્મોનું ફળ અર્થાત કરેલા પુણ્ય-કે

પાપનું ફળ અહીંયાં આ જ જનમમાં મળે છે. કારણ કે કેટલાય જીવો ઘણાં દુઃખી છે. અને કેટલાય જીવો ઘણાં સૂખી પણ છે. તો આ સુખ–દુઃખ તો કરેલા પુણ્ય–પાપનું જ ફળ છે ને? જેમ પરીક્ષા આપીને જીવો પાસ–નાપાસ થાય છે તેમ પુણ્ય–પાપના વિપાકો અહીંયાં જ મળી જતા હોય તો પછી સ્વર્ગ–નરક જેવુ કંઇ માનવાની આવશ્યકતા જ નથી રહેતી? તો આ પક્ષ શું ખોટો છે?

હે અકંપિત! ના. એમ પણ નથી બનતું. અત્યન્ત સંકિલષ્ટ અને તીવ્ર કષાયાદિમાં તેમજ ઘણી ખરાબ કૃષ્ણાદિ લેશ્યાના પરિણામોમાં બાંધેલા કર્મોની સ્થિતિ પણ ઘણી દીર્ઘ બંધાય છે અને એ બંધાયેલી દીર્ઘ સ્થિતિ ૨૦, ૩૦ કે ૭૦ કોડા–કોડી સાગરોપમની હોય તો તેના અ બાધા કાળ પ્રમાણે પણ વિચાર કરીએ તો ૨૦૦૦, ૩૦૦૦, ૭૦૦૦, વર્ષ પ્રમાણ તો અ બાધા કાળ છે. અર્થાત આવી મોટી સ્થિતિમાં બંધાયેલા કર્મ બે–ત્રણ–ચાર હજાર વર્ષ પછી તો ઉદયમાં આવે. અને અહીંયાં તો આયુષ્ય જ ફક્ત ૮૦, ૯૦, ૧૦૦ વર્ષનું હોય પછી તે પાપની સજા કયાંથી ભોગવાય? તે માટે તો નરકમાં જ જવુ પડે. કારણ ત્યાં કરોડો વર્ષો ઉપરના (સાગરોપમોના) આયુષ્યો હોય છે. (કર્મબંધસ્થિતિ ના ૮ મા વ્યાખ્યાનમાંથી વિશેષ જાણવું)

બીજુ એ કે હે અકંપિત! મનુષ્ય–તિર્યંચ ગતિના દુઃખો કેટલા? બહુ જ મર્યાદિત છે. સિંહને પાંજરામાં પૂર્યો તે બરોબર પણ પાંજરામાં પણ તેને ખાવા તો આપે છે. માણસને જેલમાં ખાવા તો મળે છે. આ તો

ઘણું સારૂ સુખ કહેવાય પરન્તુ નરકમાં તો આટલાય સુખનું નામ પણ નથી. ત્યાં તો ખાવા માટે પણ પોતાના જ શરીરના માંસના ટુકડા કાઢી પોતાના જ મોઢામાં ખવરાવવા માટે નાંખે. આ તો કેટલી ભયંકર સજા ? આવી જ બધી ભયંકર સજા છે. અહીંયાં મનુષ્ય તિર્યંચગતિમાં જે જે દુ:ખો છે તે જ દુ:ખો નરકમાં હજારગણી વધુ તીવ્ર સ્થિતિમાં ભોગવવાનાં હોય છે.

## નરક ગતિ ન માનીએ તો !

કદાચ ઘડીભર એમ માની લો કે નરક જેવી કોઈ વસ્તુ, કોઇ ગતિ છે જ નહીં. તો શું ગુણ–દોષ ? જેમ અહીંયાં એવો વિચાર કરો કે જેલ કે સજા જેવું કંઈજ ન હોય તો પાપનું પ્રમાણ વધે કે ઘટે ? વર્તમાન કાળે આજે જેલ, ફાંસી વગેરે ઘણી જાતની સજા છે છતાં પણ આટલા બળાત્કાર, ખૂન, હિંસા, ચોરી વગેરેના પાપો થાય છે. અને જો સજા કે જેલ કે જો કંઇ જ ન રાખવામાં આવે તો તો પાપોનું પ્રમાણ કેટલું વધી જાય ? પછી તો કોઇ ભય, ડર કે બીક જેવું કંઇ જ ન રહે ? તો પાપોની પ્રવૃત્તિ તો માઝા મૂકી દે. ત્રાસ–ત્રાસ–આતંક છવાઈ જાય. મા–બહેન–બેટીઓની ઇજ્જત જ ન સચવાય. ધોળા દિવસે રસ્તામાં લૂંટાય, જીવન વ્યવહાર એક દિવસ પણ ન ચાલે. એથી પણ નરકગતિ. નરક ભૂમિ ક્ષેત્રાદિ માન્યા વિના તો ચાલે જ નહીં.

## નરકગતિ, ભૂમિ, ક્ષેત્ર, વેદના બધું કોણે બનાવ્યું છે ?

મનમાં ઘડીભર એવો પણ પ્રશ્ન ઉભો થાય છે કે તો પછી આ નરકની ગતિ, નરકની ભૂમિઓ, ત્યાંનું ક્ષેત્ર અને

ત્યાં થતી વેદના, ત્યાં મળતી સજા વગેરે આ બધું કોણે બનાવ્યું હશે ? ક્યારે બનાવ્યું હશે ? શા માટે બનાવ્યું હશે ?


ના. એમ નથી. આ પ્રશ્ન પણ અસ્થાને છે. કોઇ ઇશ્વર કે કોઇ એવી સત્તા આ સ્થાનો, કે ગતિ બનાવનાર જ નથી. જો ઇશ્વરને બનાવનાર માનીએ તો ઇશ્વર ઉપરથી આપણી શ્રદ્ધા જ ઉઠી જશે. કારણ, આવી તીવ્ર વેદનાઓ. આવી નરક પૃથ્વીઓ, અને આ બધું એક દયાળુ, પરમદયાળુ ઈશ્વર બનાવી જ ન શકે. અને બનાવે તો ઇશ્વરને દયાળુ ન જ કહેવાય. નિષ્ઠુર– કઠોર· અને ક્રુર હૃદયવાળો ઈશ્વર માનવો પડે અને પછી તો ઇશ્વરને નરકમાં જ રહેવું પડે. કારણ, રોજ નરકમાં કેટલાય આવીને જન્મે છે. કેટલાયને તે તે પાપની સજા આપવાની છે. અને ઘણી નરકભૂમિઓ હોય અને ઘણા નારકી જીવો હોય તો ઇશ્વરને બહુરૂપી થઈને જ રહેવુ પડે અને જો ઇશ્વરને આવા સ્વરૂપમાં માનીએ તો નરકમાં જ પરમાધામીઓ છે તેમને જ ઇશ્વર માનવાનો વખત આવે ?

માટે ના. ઇશ્વરને કર્તા સ્વરૂપમાં માનવાની જરૂરત જ નથી. પછી પ્રશ્ન ક્યાં રહ્યો ? માટે ચૌદ રાજલોકમાં અનાદિ કાળથી શાશ્વત નરકભૂમિઓ છે. તે ક્ષેત્રો છે. ત્યાંની વેદનાઓ છે, ત્યાં પરમાધામીઓ છે, વગેરે બધુ સ્વયં જાતે ચલે છે. તંત્ર વ્યવસ્થિત ચાલે છે. કોઈ નીયન્તા, સંચાલકની જરૂરત જ નથી. એટલે એ સવાલ જ નથી ઉપસ્થિત થતો. હવે આપણે પ્રસંગોપાત નરક સંબંધી વિશેષ હકીકત જોઈએ. નરક છે. નરક ગતિ સિદ્ધ થાય છે. એ જાણ્યા પછી હવે એ જોઈએ કે નરક કેટલાં છે ? ક્યાં છે ? ત્યાં શું છે ? ત્યાં કેટલી– કેવા પ્રકારની વેદનાઓ

છે ? વગેરે નરક સંબંધી સ્વરૂપ જોઈએ -

**નરકગતિ અને નરકભૂમિ કયાં છે ? -**

**(ભૌગોલિક વિચાર) ચૌદ રાજ લોક**



આ ચૌદ રાજ લોકના નકશાનું ચિત્ર છે. લોકની દૃષ્ટિએ આ ચૌદ રાજ લોકના ત્રણ ભાગ પડે છે.

૧. ઉર્ધ્વલોક–દેવલોક ૨. તિર્ચ્છાલોક – મનુષ્યલોક ૩. અધોલોક–પાતાલ. ચૌદ રાજલોકના કેન્દ્રમાં મેરૂ પર્વત છે. તેની ચારે બાજુ જંબુ દ્વીપ–આદિ આસંખ્ય દ્વીપ સમુદ્ર છે.

આ મેરૂ પર્વતની સમતલા ભૂમિથી નીચે ૯૦૦ યોજન સુધી તિર્ચ્છાલોક છે. તે પછી નારક લોક, અધોલોક શરૂ થાય છે. ૭ રાજલોકના વિસ્તારમાં ૭ નરક પૃથ્વીઓ છે. એક એક રાજ (રજ્જુ) પ્રમાણ ક્ષેત્રમાં એક એક નરક પૃથ્વી છે. એના નામ માપ પ્રમાણ વગેરે શાસ્ત્રોમાં છે.

"रत्न-शर्करा-वालुका-पङ्क-धूम-तमो-महातमःप्रभा भूमयो"

આ પ્રમાણે એકની નીચે એક, અને એકથી મોટી એક એમ ઉતરતા ક્રમે સાત નરક પૃથ્વીઓ આવેલી છે. અધોલોકનો ક્ષેત્ર ભાગ પણ ઉતરતા ક્રમે ક્રમશઃ વધુ ને વધુ પહોળો થતો જાય છે. પહેલી નરકપૃથ્વીનો ૧ રાજ પહોળો છે. પછી ૨.૧/૨, પછી ૪, પછી ૫, પછી ૬, પછી ૬.૧/૨, અને છેલ્લે સાતમી નરક ૭ રાજલોક પહોળી છે.

## પહેલી નરક–રત્નપ્રભા


તિર્ચ્છાલોકના અસંખ્ય દ્વીપ–સમુદ્રોના મધ્યમાં રહેલા મેરૂ પર્વતની નીચેની સમતલા ભૂમિની નીચે ૯૦૦ યોજન ગયા પછી અધોલોક શરૂ થાય છે. તેમાં સાત નરક પૃથ્વીઓ છે. તેમાં પહેલી નરક પૃથ્વીનું મૂળ નામ 'ધર્મા' છે. પરન્તુ તે ધર્મા પૃથ્વી ઉપર વજ્ર વૈડુર્ય, લોહિત, મસારગલ્લ, આદિ ૧૬ જાતના રત્નો ઘણાં છે. અને તે રત્નોની પ્રભા વિશેષ

# સાત નરકના નામો—

## ૭ રાજલોક પ્રમાણ અધોલોક

૧૮૦૦ યોજન ૯૦૦ યોજન[
તિર્છાલોક ૯૦૦ યોજન[
૯૦૦ યોજન નીચે અધોલોકે નરક

૧. ધર્મા.
૨. વંશા.
૩. શૈલા.
૪. અંજના.
૫. રિષ્ટા.
૬. મઘા.
૭. માઘવતી




મેરૂ પર્વત
જ્યોતિષ્ક મંડળ-સૂર્ય-ચંદ્રાદિ
અસંખ્ય દ્વિપ સમુદ્રો

રત્નપ્રભા ૧ લી નરક
શર્કરા પ્રભા ૨ જી નરક
વાલુકાપ્રભા ૩જી નરક
પંક પ્રભા ૪થી નરક
ધૂમ પ્રભા ૩જી નરક
તમ:પ્રભા ૬ ઠ્ઠી નરક
મહાતમ:પ્રભા ૭મીનરક

હોવાથી આ 'ધર્મા પૃથ્વીને રત્નપ્રભાના નામથી ઓળખાય છે. આ પ્રથમ પૃથ્વી રત્નપ્રભા એક રાજ પહોળી છે. એટલે સ્વયં ભૂરમણ સમુદ્ર સુધીના અસંખ્ય દ્વીપ સમુદ્ર પ્રમાણ તેની નીચે પહોળી છે.

રત્નપ્રભા પૃથ્વીની જાડાઈ ૧૮૦૦૦૦ યોજન છે. તેમાં ઉપરના એક હજાર અને નીચેના એક હજાર યોજન છોડીને વચ્ચેના ૧૭૮૦૦૦ યોજનામાં નારકી જીવો રહે છે. આ ૧૭૮૦૦૦ યોજન વિસ્તારમાં ૧ પ્રસ્તર આવેલા છે. આ નરક વાસના ૧૩ રસ્તા છે. સમશ્રેણિમાં રહેલા હોવાથી એકેક રસ્તો એ એક પ્રસ્તર કહેવાય છે.

આ બધા પ્રસ્તરો ૩ હજાર યોજન ઉંચા છે. અને એકબીજાના વચ્ચે અંતર ૧૧૫૮૩ પૂર્ણાંક એક તૃતીયાંશ યોજનનો છે. એક એક પ્રસ્તરે એક એક નરકેન્દ્ર છે એમનાથી દરેક પ્રસ્તરે નરકાવાસ નીકળે છે. પહેલી નરકમાં ૩૦ લાખ નરકાવાસો છે. આ નરકમાં દિશા—વિદિશાઓમાં નરકાવાસો છે. દરેકમાં ભિન્ન ભિન્ન સંખ્યામાં નરકવાંસો છે. આ નરકાવાસો અન્દરથી ગોળ અને બહારથી ચતુષ્કોણ છે. આ નરકાવાસો લાંબા પહોળા કેટલાક સંખ્યાત યોજન છે, કેટલાક અસંખ્યાત યોજન છે. સાતે નરક પૃથ્વીઓમાં આ આવાસો એવા જ છે. સીમન્ત-પ્રભાદિ ભિન્ન ભિન્ન તેમના નામો છે. આ સર્વ નરકાવાસોનો દેખાવ ભયંકર છે. ભૂમિ બરછી જેવી હોય છે. તેને જોતાં જ ભય જાગે.

## શર્કરાપ્રભા-બીજી નરક

બીજી નરક પૃથ્વી વંશાના નામવાળી છે. પરંતુ તેમાં શર્કરા એટલે કાંકરા ખૂબ છે. તેની પ્રભાથી યુક્ત હોવાથી શર્કરા પ્રભા કહેવામાં આવે છે. આ બીજી નરક પૃથ્વી ૨.૧/૨ રાજુ પહોળી છે. એમાં કુલ ૧૧ પ્રસ્તરો છે. તેમાં ૨૫ લાખ નરકાવાસો છે. શર્કરાપ્રભા એને ગોત્રનામ પણ કહે છે. આ પૃથ્વીની જાડાઇ ૧૩૨૦૦૦ યોજન છે.

## ત્રીજી નરક વાલુકાપ્રભા

ત્રીજી નરક પૃથ્વીનું નામ શૈલા છે. પરંતુ આ પૃથ્વીમાં વાલુકા એટલે રેતીની જ બહુલતા હોવાથી તેને 'વાલુકાપ્રભા' નામથી ઓળખાય છે. આ જ તેમનું ગોત્ર નામ ગણાય છે. આ નરક પૃથ્વી ૪ રાજ પહોળી છે. તેમાં ૯ પ્રસ્તરો છે. અને નારકી જીવોને ઊપજવાના ૧૫ લાખ નરકાવાસો છે. દરેક પ્રસ્તરે એક એક નરકેન્દ્ર છે. આ શૈલા પૃથ્વીની જાડાઇ ૧૨૮૦૦૦ યોજન પ્રમાણ છે. તેમાંના ઉપર નીચેના એક એક હજાર યોજન છોડીને વચ્ચે ૧૨૬૦૦૦ યોજનમાં ૧૫ લાખ નરકાવાસો છે.

## ચોથી નરક પંકપ્રભા

આ નરક પૃથ્વીનું મૂળ નામ અંજના છે. પરંતુ આ પૃથ્વી ઉપર સર્વત્ર પંક એટલે કાદવ છે. તેની જ પ્રધાનતા હોવાથી પંકપ્રભા નામથી પ્રસિદ્ધ છે. આ ચોથી નરક લગભગ ૫ રાજ પહોળી છે. અને તેની જાડાઇ ૧૨૦૦૦૦ યોજન પ્રમાણ છે. એમાં પણ ઉપર નીચે એક-એક હજાર યોજન છોડીને વચ્ચેના ૧૧૮૦૦૦ યોજન જેટલા વિસ્તારમાં નારકી

જીવોને રહેવાના કુલ ૭ પ્રસ્તરો છે. તેમાં ૧૦ લાખ નરકાવાસો છે.

**ધૂમપ્રભા – પાંચમી નરક**

આ પાંચમી નરકપૃથ્વીનું નામ રિષ્ટા છે. પરન્તુ સંપૂર્ણ પૃથ્વી તલ ઉપર ધૂમાડાની જ પ્રધાનતા હોવાથી ધૂમ· પ્રભા નારક પૃથ્વીના નામથી પ્રસિદ્ધ છે. આ રિષ્ટા પૃથ્વી ૬ રાજ પહોળી છે. આ નરકપૃથ્વીની જાડાઈ ૧૧૮૦૦૦ યોજન પ્રમાણ છે. આમાં પણ ઉપર નીચેના એક એક હજાર યોજન છોડીને કુળ ૧૧૬૦૦૦ યોજન વિસ્તારમાં નારકીજીવો માટે કુલ પાંચ પ્રસ્તર છે. આ પાંચ પ્રસ્તરોમાં નારકીજીવો માટે ઉત્પન્ન થવાના કુલ ૩ લાખ નરકાવાસો છે.

**તમ પ્રભા છઠ્ઠી નરક**

મઘા નામની આ છઠ્ઠી નરક પૃથ્વીમાં તમસ એટલે એકલુ અંધારું જ છે. અને તેના કારણે આ નરક પૃથ્વી-ને તમઃપ્રભા નામથી ઓળખાય છે. આ છઠ્ઠી નરક પૃથ્વી સાડા છ રાજ પહોળી છે. અને તેમાં પણ ત્રણ વલય છે. તમઃપ્રભા પૃથ્વી ૧૧૬૦૦૦ યોજન પ્રમાણ જાડાઇ છે. તેમાં પણ પહેલાની જેમ જ ઉપર નીચે એક એક હજાર યોજન વિસ્તાર છોડીને વચ્ચેનો ૧૧૪૦૦૦ યોજન વિસ્તાર જ નારકી જીવો માટે છે. તેમાં ત્રણ પ્રતર છે. આ ત્રણ પ્રતરોમાં થઇને કુલ ૯૯૯૯૫ નરકાવાસો છે.

**(૭) તમસ્તમઃપ્રભા (મહાતમઃપ્રભા) ૭મી નરક**


આમ તો આ સાતમી અને છેલ્લી નરક પૃથ્વીનું મૂળ નામ માઘવતી છે. પરન્તુ આ સાતમી નરકમાં ઘોર અંધારૂં

છે જ્યાં પોતે પણ પોતાની આંગળીએ ન જોઇ શકે તેવો અતિશય ઘોર અંધકાર છે. એટલે તમસ્તમઃપ્રભા અથવા મહાતમઃપ્રભા એ પ્રમાણે પણ નામ પ્રસિદ્ધ છે. આ નરક ૭ રાજ પહોળી છે. અને તેની જાડાઇ ૧૦૮૦૦૦ યોજન પ્રમાણ છે. એમાં પણ ઉપર–નીચે સાડીબાવન–સાડીબાવન હજાર યોજનનો વિસ્તાર છોડીને વચ્ચે ૧૦૩૦૦૦ યોજન ક્ષેત્રમાં જ નારકી જીવો ઉત્પન્ન થાય છે. તેમાં ૧ પ્રતર છે. આ 'અપ્રતિષ્ઠાન' નામનો એક પ્રસ્તર ૩ હજાર યોજન ઉંચો છે. એક લાખ યોજનના વિસ્તારવાળો છે. એમાં ૫ નરકવાસ છે. વચ્ચેનો અપ્રતિષ્ઠાન પછી ચાર દિશામાં કાળ, મહાકાળ, રોરૂ અને મહા-રોરૂ આવા ૫ નરકાવાસો નારકી જીવોને ઉત્પન્ન થવા માટે છે.

આ મુખ્ય સાત નરક પૃથ્વીઓ થઇ. તેમાં અવાન્તર નરકો પણ છે, જેને પ્રકીર્ણક નરક કહે છે. (પટલ) પ્રકીર્ણક નરક રૌરવ, અચ્યુત, રૌદ્ર, હાહારવ, ઘાતન, શોચન. તાપન, ક્રન્દન, વિલપન, છેદન, ભેદન ખટાખટ, કાલવિન્જર આદિ છે.

**નરકાવાસો**— સાતે નરકોમાં મુખ્યરૂપે નરકાવાસો ત્રણ પ્રકારના હોય છે. (૧) ઇન્દ્રક, (૨) પંક્તિગત, (૩) પુષ્પાવ કીર્ણ બરોબર મધ્યમાં વચ્ચોવચ્ચ આવેલા નરકાવાસને ઇન્દ્રક નરકાવાસ કહેવામાં આવે છે. દિશા તથા વિદિશામાં આવેલા પંક્તિબદ્ધ નરકાવાસોને "પંક્તિગત" કહેવામાં આવે છે. અને ત્રીજા પ્રકારના નરકવાસો પુષ્પ (ફૂલ)ની જેમ છૂટા છવાયા હોવાથી તેમનું નામ પુષ્પાવકીર્ણ નરકાવાસ કહેવાય છે. આકારની દૃષ્ટિએ ઇન્દ્રક નરકાવાસ ગોળ હોય છે. પંક્તિગત નરકાવાસ ત્રિખૂણીયા અને ચોખુણીયા જેવા હોય છે. અને

# સાત નરકોની જાડાઈ-પહોળાઈ તથા પ્રતરો અને નરકવાસો




| પૃથ્વીની જાડાઈ | પહોળાઈ | પ્રતરો | નરકાવાસો |
|---|---|---|---|
| ૧૮૦૦૦૦ યોજન | ૧ રજ્જુ | ૧૩ પ્રતર | ૩૦ લાખ |
| ૧૩૨૦૦૦ ,, | ૨½ ,, | ૧૧ ,, | ૨૫ લાખ |
| ૧૨૮૦૦૦ ,, | ૪ ,, | ૯ ,, | ૧૫ લાખ |
| ૧૨૦૦૦૦ ,, | ૫ ,, | ૭ ,, | ૧૦ લાખ |
| ૧૧૮૦૦૦ ,, | ૬ ,, | ૫ ,, | ૩ લાખ |
| ૧૧૬૦૦૦ ,, | ૬½ ,, | ૩ ,, | ૯૯૯૯૫ |
| ૧૦૮૦૦૦ ,, | ૭ ,, | ૧ ,, | ૫ નરકાવાસ |

અને પુણ્યાવકીર્ણ નરકાવાસો તો જુદા જુદા અશુભ આકારના હોય છે.

આ ત્રણે નરકાવાસોની ઉંચાઈ એકસરખી એટલે ત્રણ હજાર યોજન પ્રમાણ હોય છે. પરંતું લંબાઇ- પહોળાઈ ભિન્ન ભિન્ન પ્રકારની હોય છે. કોઇ કોઈ સંખ્યાત હજાર યોજન અને કેટલાક અસંખ્યાત હજાર યોજન પણ લાંબા–પહોળા હોય છે. પહેલી નરકમાં આવેલ સીમંતક નામનો ઇન્દ્રિક નરકાવાસ ૪૫ લાખ યોજન અને સાતમી નરકમાં આવેલ અપ્રતિષ્ઠાન નરકાવાસ ૧ લાખ યોજન લાંબો પહોળો હોય છે. સાતે નરકમાં તેમની સંખ્યા ભિન્ન ભિન્ન છે.

## નરક પૃથ્વીઓ કોના આધારે ટકી છે ?

**घनाम्बु-वात्ता-ड़ड़्काशप्रतिष्ठाः सप्ताऽधोऽधः पृथुतराः चतुर्भिश्च किलाधारैर्भूमिरेषा प्रतिष्ठिता घनोदधि घनवात-तनुवात-मरु पथौः ॥**

અહીંયાં ઉપરના ચિત્રમાં જોતાં ખ્યાલ આવશે કે ચૌદ રાજલોકમાં નીચે અધોલોકમાં જે નરકપૃથ્વીઓ છે. તેમાં દરેક પૃથ્વીનાં (કાલા પટ્ટાની નીચે)||||||| આ પ્રકારની ખાલી જગ્યા દેખાય છે. અને પછી તેની નીચે બે નરક પૃથ્વીઓની વચ્ચે ઘણું અંતર છે. આ અંતર તે આકાશનું છે. આપણને પ્રશ્ન

( આકૃતિ માટે જુઓ પાના નં. ૨૧ )

એ થશે કે આટલી જાડાઈ–ઉંચાઈ–પહોળાઇ ધરાવતી આ નરક પૃથ્વીઓ કોના આધારે ટકી હશે ? કોના આધારે રહેલી હશે ?

આ માટે જૈનોએ કોઇ યાન કે રોકેટ કે કંઇ જ ન મોકલતા આ એક સંપૂર્ણ સત્યને વર્ષોથી પ્રકાશિત કર્યું છે.

અનન્તજ્ઞાની તીર્થંકર ભગવંતોએ પોતાના કેવળજ્ઞાનથી જે સ્પષ્ટ જોઇને જણાવ્યું છે તે જ આગમ શાસ્ત્રોમાં કંડારાયેલુ છે અને આજે તે જ પ્રમાણે રજુ કરાય છે. તેના પુરાવા એ પ્રમાણે છે કે બે નારક પૃથ્વીઓ વચ્ચે અંતર કેટલું છે? નરકપૃથ્વીઓ કોના આધારે ટકી છે? તેમજ તેમનું પ્રમાણ વગેરે કેટલું તે જણાવે છે.

રત્નપ્રભાદિ નરક પૃથ્વીએ ઘનોદધિ ઘનવાત તનુવાત અને આકાશ એ ચાર વસ્તુઓના આધારે રહેલી છે.

**त्रिभिश्च वलयैरेषा परितः परिवेष्टिता ।**
**घनोदधि-घनवात-तनुवातात्मकैः क्रमात् ॥**

ગોલ વલયાકારે રહેલી આ પૃથ્વીઓની નીચે ક્રમશઃ ઘનોદધિ, ઘનવાત, તનુવાત ના વલયો છે.

**तत्र प्रतिष्ठिता भूमिराधारेण घनोदधेः ।**
**महाकटाहविन्यस्तस्त्यानाज्यघनपिंडवत् ॥**

એને ઉપમા આપતાં કહે છે કે જેમ મોટા કડાયામાં રહેલા થીજી ગયેલા ઘીનો ઘટ્ટ પિંડ હોય એવો ઘનોદધિ છે. એને આધારે એ રત્નપ્રભા વગેરે નરક પૃથ્વીઓ રહેલી છે.

**योजनानां सहस्राणि विंशातेः परिकीर्तितम् ।**
**घनोदधेर्मध्यभागे बाहल्यं क्रमतस्ततः ॥**
**प्रदेशहान्यासौ हीयमाने त्वन्ततनूभवन् ।**
**पृथ्वीं वलयाकारेण स्वयमावृत्य तिष्ठतिः ।**
**वलयस्यास्य विष्कम्भः प्रज्ञप्तो योजनानि षट् ।**
**उच्चत्वं तु वसुमतीबाहल्यस्यानुसारतः ॥**

असौ घनोदधिरपि घनवाते प्रतिष्ठित : ।
असंख्यानि योजनानि कध्ये तस्यापि पुष्टत्ता ॥
प्रदेशहान्यां तनुता भजमानो घनोदधे : ।
आवृत्य वलायं तस्थौ वलायाकृतिनात्मना ॥
अस्यापि वलयस्यैवं मानमा म्नेरूदीरितम् ।
चतुश्टयी योजनाना साधेच्चित्वं तु पूर्ववत ॥

—લોક પ્રકાશમાં ફરમાવે છે કે – ઘનોદધિ વચ્ચેના ભાગમાં ૨૦૦૦૦ યોજન જાડો છે. અને પછી આગળ ક્રમે-ક્રમે પ્રદેશના ઘટવાથી એ ઘનોદધિ પાતળો થતો જાય છે. છેવટે અત્યન્ત સૂક્ષ્મ થઈને, વલયાકારે વીંટીને રહેલો છે. છેવટે આ વલયની પહોળાઇ છ યોજનની છે. અને એની ઉંચાઈ પૃથ્વીની જાડાઈ પ્રમાણે ૧૮૦૦૦૦ યોજન છે.

આ ઘનોદધિ પણ ઘનવાયુ = એટલે થી જેલા વાયુ ઉપર રહેલો છે. આ ઘનવાયુ મધ્યભાગમાં અસંખ્ય યોજન ની જાડાઈમાં છે. પરન્તુ પછી પ્રદેશના ઘટવાથી સુક્ષ્મ થતો થતો ઘનોદધિના વલયને વલયાકારે વીંટીને રહેલો છે. અને આ વલયનું પ્રમાણ છેલ્લે સાડાચાર યોજન કહ્યું છે, ઉંચાઇ તો તો પહેલા કહી તે પ્રમાણે જ છે.

घनवातोऽपि सततं तनुवाते प्रतिष्ठित : ।
अस्यापि मध्ये बाहल्यमसंख्यघ्नं घनानिलात् ॥
ततस्तनु भवन्नेष घनवातस्य सर्वत : ।
आवृत्य वलयं तस्थौ वलयाकृतिनात्मना ॥
तनुवातस्य वलयें विषकम्भ परिकीर्तित : ।
एक योजनमध्यर्द्ध मुच्यतयवं पुनरुक्ततत् ॥

હવે તેની નીચે ત્રીજું વલય તનુવાતનું છે. તનુવાત ઘનવાતની નીચે સતત રહેલો છે. એ તનુવાતની મધ્યમાં ઘન-વાતથી અસંખ્યગણી જાડાઈ છે. પછી પ્રદેશો ઘટતા જવાથી હીન થતો જતો ઘનવાતરૂપ વલયને વલયાકારે વીંટીને રહેલો છે. તનુવાતની પહોળાઈ પ્રાંત દોઢ યોજન છે. અને ઉંચાઇ પહેલાં જેટલી જ છે. એ તનુવાત આકાશને આધારે રહેલો છે. અને આકાશ અસંખ્ય યોજન પ્રમાણ છે.

જેવી રીતે આ પહેલી નરક પૃથ્વી રત્નપ્રભાને ફરતા ઘનોદધિ વગેરે ત્રણ વલયો રહેલા છે. તેવી જ રીતે બીજી, ત્રીજી, ચોથી યાવત સાતમી પૃથ્વીની નીચે પણ આ જ પ્રમાણે આ વલયો રહેલા છે. સાતે નરક પૃથ્વીઓને ટકવા માટે આ પ્રમાણે આ ઘનોદધિ આદિનાં ત્રણ વલયો છે.

ખરેખર જો જોઇએ તો જાણે કલશની ચારે બાજુ સાપ વીંટાઇને રહ્યા હોય, એવા શોભે છે. અને પૂર્ણ ગોળા-કારમાં ચારે તરફ પરિધિના કારણે પૂર્ણચન્દ્રમા જેવા શોભે છે. અર્થાત પૂર્ણ ગોળ આકારે છે.

ઉપરથી રત્નપ્રભા પૃથ્વીથી ક્રમશઃ નીચે જતાં જોઇએ તો પ્રથમ રત્નપ્રભા પૃથ્વી તેની નીચે ઘનોદધિ છે. પછી ઘન-વાત છે, પછી તનુવાત છે, અને અંતે આકાશ છે. તેના પછી ઘણાં અંતરે બીજી પૃથ્વી આવશે. આ બધા ઘનોદધિ વગેરે બંગડીના આકારે (વલયાકારે) રહેલા છે. આ પ્રમાણે પૃથ્વી આદિના આધારનું આ એક વિશિષ્ટ વિજ્ઞાન સર્વજ્ઞ ભગવંતોએ જ રજુ કર્યું છે. આ પ્રમાણે રત્નપ્રભા પૃથ્વીના છેલ્લા ભાગથી ફરતા ત્રણ પ્રકારના વલયોના ૬+૪॥+૧॥–એમ કુલ ૧૨ યોજન થાય


છે. એ બાર યોજન પછી અલોક આવે છે.

## નારકી જીવો

“तासु नरका”


રત્નાપ્રભા આદિ સાતે નરક પૃથ્વીઓમાં નારકીજીવોને રહેવા માટે નરકવાસો હોય છે. પહેલા કહી ગયા પ્રમાણે દરેક નરકોમાં પ્રતરો ભિન્ન ભિન્ન સંખ્યામાં હોય છે. અને તેમાં નરકાવાસો સાતે નરકના કુલ મળી ૮૪ લાખ છે. અને તેમાં રહેનારા નારકી જીવો છે.

## નરકગતિ





ચતુર્ગતિ સ્વરૂપ આ સંસાર ચક્રમાં ચાર ગતિમાં એક નરકગતિ પણ સ્વતંત્ર ગતિ છે. આ નરકગતિ નામકર્મ બાંધેલા જીવો નરકગતિમાં જઈને જન્મે છે. સાત નરકના કારણે તેમાં રહેનારા નારકી જીવો પણ સાત પ્રકારના ગણવામાં આવે છે. અને તેમના પણ પર્યાપ્તા–અપર્યાપ્તા એમ સાત પર્યાપ્તા તથા સાત અપર્યાપ્તા એમ ચૌદ પ્રકાર થાય છે. ચારગતિના જીવોની સંખ્યામાં નરકગતિના ૧૪ પ્રકાર જીવોના ગણવામાં આવે છે. તથા પ્રકારના ભારે પાપ કર્મો ઉપાર્જન કરીને જીવો નરકગતિનામકર્મ બાંધે છે. અને પછી નારક આયુષ્યાદિ બાંધીને નરક ગતિમાં જઈને જન્મે છે. એકવાર નરકગતિમાં ઉત્પન્ન થયા પછી ત્યાંથી મરીને જીવ મનુષ્ય કે તિર્યંચ ગતિમાં જ આવી શકે છે.


૧. ચાર ગતિ





૨. મનુષ્યનું ચારે ગતિમાં ગમન





૩. તિર્યન્ચનું ચારે ગતિમાં ગમન




૪. દેવનું બે ગતિમાં ગમન




૫. નરકનું બે ગતિમાં ગમન.




એવો શાશ્વત નિયમ છે કે નારકી જીવ નરકમાંથી મરીને તુરંત પાછો બીજા જ ભવે નારકી નથી થતો. હા, એક ભવ અહીંયા મનુષ્ય–તિર્યંચમાં આવીને કરીને પછી પાછો નરકમાં જઈ શકે છે. જેમ ભગવાન મહાવીરનો આત્મા ૧૯મા ભવે સાતમી નરકમાં ગયો. અને પછી ત્યાંથી નીકળીને તિર્યંચ ગતિમાં ૨૦મો ભવ સિંહનો કર્યો, અને પછી ૨૧મો ભવ ચોથી નરકમાં કર્યો. પરંતુ તુરંત બીજી વાર તો નરકમાં જન્મ નથી થતો. અર્થાત નારકી મરીને નારકી નથી થતો. એ જ પ્રમાણે નારકી જીવ મરીને દેવલોકમાં પણ નથી જતો. દેવ પણ નથી થતો. કારણ નરકગતિમાં એવો કોઈ ધર્મ નથી કે જેની આરાધના કરીને પુણ્ય ઉપાર્જન

કરીને જીવ નરકમાંથી સીધો દેવ થઇ શકે.

માટે નરક ગતિના જીવો મરીને ફક્ત મનુષ્ય અને તિર્યંચની બે જ ગતિમાં જઇને જન્મે. અને તે જ પ્રમાણે નરકમાં આવનારા જીવો પણ ફક્ત મનુષ્ય અને તિર્યંચ ગતિ આ બેમાંથી જ આવનારા છે.

## કોણ કઇ નરક સુધી જઇ શકે છે ?

અસંજ્ઞી અર્થાત મન વિનાના પણ પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ જીવો પહેલી નરકમાંજ ઉત્પન્ન થઈ શકે છે. ગર્ભજ ભૂજપરિસર્પ અર્થાત હાથે ચાલનારા પશુઓમાં ખાસકરીને વાંદરા, કાકીડા, ગરોળી, ઉંદર, ચંદનઘો, સાંઢા, ખીસકોલી, વગેરેના જીવો મરીને વધુમાં વધુ બીજી નરક સૂધી જ જઇ શકે છે. પક્ષીઓ વધુમાં વધુ ત્રીજી નરક સૂધી ઉત્પન્ન થઇ શકે છે. અને સિંહાદિ હિંસક પશુઓ ચોથી નરક સુધીમાં ઉત્પન્ન થઈ શકે છે. સાપ વગેરે જે તેથી પણ વધુ હિંસક છે તે જીવો પાંચમી નરક સૂધીમાં ઉત્પન્ન થઇ શકે છે, અને સ્ત્રીઓ છઠ્ઠા નરક સૂધીમાં ઉત્પન્ન શકે છે, અને મનુષ્યો (પુરૂષો) અને માછલા, મગર વગેરે જલચર પ્રાણીઓ આદિ સાતમી નરક સૂધીમાં ઉત્પન્ન થઈ શકે છે.

આ તો આ બધા વધુમાં વધુ નરક ગતિમાં ક્યાં સૂધી જઇ શકે છે તે બતાવ્યું છે. એનો અર્થ એવો નથી કે એ જીવો એમાં જ જાય. ના. મનુષ્યો પહેલી- બીજી એમ સાતેમાં જાય છે. અને અત્યારે છે પણ ખરા. પરન્તુ સ્ત્રીઓ જાય તો વધુમાં વધુ છઠ્ઠી સૂધી જ. પરન્તુ સાતમીમાં ન

જઈ શકે. ૧થી·૬ સુધીમાં ગમે ત્યાં જાય. આ પ્રમાણે દરેક જીવોનું આ ઉત્કૃષ્ટ નરક ગમન કહ્યું છે.

## કયા સંઘયણવાળો જીવ કઈ નરક સુધી જાય ?

સેવાર્ત નામના છઠ્ઠા સંઘયણવાળા જીવો બીજી નરક સુધીમાં જન્મી શકે છે. અને કીલિકા સંઘયણવાળો જીવ ત્રીજી નરક સુધીમાં જન્મી શકે છે. અર્ધ નારાચ સંઘયણ–વાળા જીવો ચોથી નરક સુધી જઈ શકે છે. અને નારાચ સંઘયણવાળા જીવો પાંચમી નરક સૂધીમાં જઇને જન્મી શકે છે. ઋષભનારાચ સંઘયણવાળા જીવો છઠી નરક સુધીમાં જઈ શકે છે. અને વજ્ર–ઋષભનારાચ નામના પહેલા સંઘયણવાલા જીવો સાતમી નરક સૂધીમાં પણ જઈ શકે છે. વજ્રઋષભના-રાચ આ તો પુણ્ય પ્રકૃતિના ઘરનો ઉચ્ચ સંઘયણ છે. મોક્ષે જવા માટે પણ આ સંઘયણ અનિવાર્ય છે. આ સંઘયણ તીર્થંકર, ચક્રવર્તી, આદિ ૬૩ શલાકા જીવોને મળે છે. તદ્‌-ભવ મોક્ષગામી જીવોને મળે છે–પરંતુ આ સંઘયણનો દુરૂ-પયોગ કરીને સત્તાના મદમાં શકિતનો દુરૂપયોગ કરીને ચક્રવ·ર્તીઓ પણ સાતમી નરક સુધીમાં જાય છે. સુભૂમ ચક્રવર્તી, બ્રહ્મદત્ત ચક્રવર્તી સાતમી નરકમાં ગયા છે. ત્રિપૃષ્ટ વાસુદેવના ૧૮માં ભવમાં ભારે પાપકર્મ બાંધીને શ્રી મહાવીર ભગવાનનો જીવ ૧૯માં ભવે સાતમી નરકમાં ગયો.

આપણે આજે છેલ્લા–છઠા સેવાર્ત સંઘયણવાળા જીવો છીએ. એટલે આજે આપણે વધુમાં વધુ બીજી નરક સુધી જ જઇ શકવાના અધિકારી છીએ. અત્યારે વર્તમાન કાળે બીજીથી

આગળ નડી ! સંઘયણ તો શરીરના બાંધા–હાડકાની મજબૂતી અને શરીરના બંધારણ–મજબૂતીને કહેવામાં આવે છે. આ મજબૂતી સારા માર્ગે પણ વપરાય અને ખરાબ માર્ગે પણ વાપરી શકે છે.

सराग : स्वजनद्वेषी, दुर्भाषो मूर्खसंगकृत ।
शास्ति स्वस्यगता– ऽऽयातं नरो नरकवर्त्मनि ॥

કલ્પસુત્રની ટીકામાં જણાવ્યુ છે કે તીવ્ર રાગવાળો, સગા-સ્વજના–સંબંધી ઉપર દ્વેષ- વૈમનસ્ય ધારણ કરવા વાળો, અત્યન્ત ખરાબ, ગંદી અને હલ્કી ભાષા બોલનાર તથા સાવ મૂર્ખ માણસોની સોબત કરનારો મનુષ્ય નરકગતિમાંથી આવ્યો છે અને પાછો નરકગતિમાં જવાનો છે એમ પોતાને સૂચવે છે. એટલે અમુક ચિન્હો ઉપરથી આપણે એવુ પણ અનુમાન કરી શકીએ છીએ કે આ જીવ નરકગતિમાંથી અહીંયા આવ્યો છે અને ફરીને પાછો નરકગતિમાં જવાની શકયતા લાગે છે. દા. ત. અત્યંત ક્રુર હિંસક વૃતિવાળા મનુષ્યો, સાપ સિંહાદિ ગીધ વગેરે પક્ષીઓ, તેમજ દરિયાના જલચર માછલા–મગર વગેરે જીવો જે સતત મહાઘોર હિંસામાં રાચનારા છે તે નરક ગતિમાંથી આવ્યા છે અને પાછા નરક ગતિમાં જવાના છે એવુ લાગે છે. જો કે એવો કોઈ નિયમ નથી કે નરકમાંથી જ આવ્યા હોય અને નરકમાં જ જવાના છે એમ ભાર પૂર્વક એકાન્તથી જકાર વાપરીને ચોક્કસ જ કહેવાનું છે એમ નથી. પરન્તુ તેવા ક્રુર અધ્યવસાય, પાપ, હિંસક વૃત્તિ આદિના આધારે બહુલતાએ એમ કહેવાય છે. અત્યન્ત અશુભ અધ્યવસાયના આધારે એમ કહી શકાય છે. તે પણ સામાન્યથી.

## નરકગતિમાં જવાના કારણો

દેવ–મનુષ્ય–નરક–તિર્યંચની જે ચાર ગતિઓ છે તે ચારેમાં જવા યોગ્ય આયુષ્ય–ગતિ આદિના કર્મો બાંધીને જ જીવ તે તે ગતિમાં જઇ શકે છે. અને તે ગતિનું આયુષ્ય ભોગવી શકે છે. આપણને એક ગતિમાંથી બીજી ગતિમાં મોકલનાર કોઈ બીજી ઇશ્વરાદિની શક્તિ નથી. સ્વયં જીવ આ જન્મમાં તે તે ગતિ–યોગ્ય તેવા આશ્રવો–હેતુઓથી એવા કર્મો બાંધે છે. અહીંયા આપણે પ્રસંગોપાત્ત નરકગતિમાં જવા યોગ્ય આયુષ્ય કર્મના કારણોનો વિચાર કરીએ—

"बहवारंभपरिग्रहत्वं च नारकस्यायुष : "॥ તત્વાર્થ.

"बंधइ निरयाउमहारंभ परिग्गहर ओ रुद्दो ॥ કર્મગ્રન્થ

મહા એટલે અત્યન્ત મોટા પ્રમાણમાં આરંભ–સમારંભ – અર્થાત હિંસા આદિ કરવાથી, અને મહાપરિગ્રહ ઘણો સંગ્રહ, ઘણા મૂર્છા– મોહ– મમત્વ રાખવાથી, તીવ્રક્રોધાદિ કષાયો કરવાથી, રૌદ્ર ધ્યાનના પરિણામવાળા, કૃષ્ણલેશ્યા-વાળા જીવો, ત્રાસ–સ્થાવરાદિ છએ કાયના જીવોની અમાપ હિંસા આદિની પ્રવૃત્તિના કારણે–પંચેન્દ્રિય મનુષ્ય પશુ–પક્ષી –મુનિ આદિની હત્યા–ખૂન કરવાના કારણે તથા તેમને મારીને માંસાહાર, ઇંડાદિ ભક્ષણ કરનાર, મદિરા–દારૂ આદિનું સેવન કરનારા, અત્યન્ત વિષય–કષાયની વૃત્તિવાળા જીવો, મહામિથ્યા-મતિ, મહાચોર, વ્રતઘાતક, રાત્રિભોજનમાં સદા રત રહેનારા, ગુણીજનોની નિંદા કરનારા, તીવ્રમત્સર – ઈર્ષ્યા – દ્વેષની બુદ્ધિ રાખનારા આદિ આશ્રવ કારણોથી જીવો નરકગતિનું આયુષ્ય કર્મ બાંધીને નરક

ગતિમાં જાય છે, અને ત્યાંના દુઃખો ભોગવે છે. ઉપર કહ્યા મુજબના આ પાપોની પ્રવૃતિ કરનારા ઘણાં જીવો અહીંયા આજે આપણી આંખ સમક્ષ દેખાય છે. તો આવી પાપ પ્રવૃતિ કરનારા જીવો હોય અને તે કર્મોનો વિપાક ભોગવવા માટેની ગતિ ન હોય તો કેમ ચાલે? માટે નરક છે. અને નરક ગતિમાં જવાનાં પાપકર્મો અહીંયા છે. તેવા પાપ કર્મો કરીને તે કર્મો બાંધીને જીવો તે નરક ગતિમાં જાય છે અને પછી ત્યાં કર્યા કર્મના ફળ ભોગવે છે.

## નારકી જીવોના શરીર તથા આયુષ્ય

ઉપરોક્ત પાપ પ્રવૃતિ કરીને નરક ગતિમાં ગયેલા જીવોને શરીર– આયુષ્ય વગેરે પણ નરકના પ્રમાણમાં તેમજ પાપ કર્મના પ્રમાણમાં મળવા જોઇએ જેથી તે જીવો ત્યાં પોતાના કરેલા બધા પાપકર્મોની સજા ભોગવી જ શકે. જો તેવુ શરીર ન હોય અને તેવુ આયુષ્ય ન હોય તો બધા પાપ-કર્મોની વર્ષો સૂધીની સજા ક્યાંથી ભોગવી શકે? ૧ વારની સજામાં જ મરીને આવી જાય તો ક્યાંથી ચાલે? માટે નારકી જીવોનાં શરીરો પણ વિશિષ્ટ અને વિચિત્ર હોય છે. તેમજ લાખો–કરોડો–અબજો વર્ષો કરતા પણ વધારે આયુષ્ય હોય છે.

નારકી કહેવાય પંચેન્દ્રિય. પાંચ ઇન્દ્રિયો-ચામડી, જીભ, નાક, આંખ, કાન--પૂરા છે. આપણે પણ પચેંન્દ્રિય છે. એટલે નારકી જીવોનું શરીર આકારમાં આપણા જેવુ, મનુષ્ય જેવુ જ હોય છે. આવુ જ દેખાય છે. પરન્તુ રચના ઔદારિક નથી હોતી પરન્તુ વૈક્રિય શરીર હોય છે. અશુભ વૈક્રિયશરીર યોગ્ય વર્ગણા ગ્રહણ કરીને તેઓ વૈક્રિય શરીર બનાવે છે. એટલે માતા–

પિતાના સંયોગથી આપણી જેમ તેમને ૯ મહિના ગર્ભમાં રહીને ઉત્પન્ન નથી થવુ પડતું.

## નારકીનો જન્મ

**नारक देवानामुपपात : ।** **वैक्रियमौपपातिकम ।**

તત્વાર્થમાં જણાવે છે કે નરક ગતિના નારકીજીવો, તથા દેવલોકના દેવતાઓના જન્મ ઉપપાત જન્મથી થાય છે. અને તેમના શરીર વૈક્રિય શરીર હોય છે. દેવલોક ગતિમાં નારકી જીવો ત્યાં રહેલા ગોખલામાં તથા કુંભીમાં ઉત્પન્ન થાય છે. ઉત્પન્ન થતી વખતે પોતાના શરીરની ઉંચાઇ આદિ સાથે જ તે ગોખલા–કુંભી આદિના ઉત્પત્તિ સ્થાનમાં શરીર તૈયાર કરીને જ અંતર્મુહૂર્તમાં જન્મે છે પરન્તુ પાપકર્મની પ્રબળતાથી તે જન્મ વખતે તેમને અતિશય દુઃખ થાય ત્યારે તીવ્ર વેદના અનુભવતા હોય છે.


તેમનું શરીર હાડ–માંસ–લોહીનું નથી હોતુ, પરન્તુ પારા જેવુ હોય છે. ગમે તેટલી વાર કાપીને ટુકડા ટુકડા પણ કરી નાંખ્યા હોય તો પણ પાછુ ભેગુ થઇને જોડાઇને ઉભુ થઈને ચાલવા માંડે છે. તેમને ખાવા–પીવા આદિની તથા આહાર–વિહારની કોઈ પ્રવૃત્તિ નથી હોતી છતા પણ ભૂખ-તરસ સખત લાગે છે.

## નારકીનું આયુષ્ય

નારકીના જીવોના આયુષ્યો પણ ઘણાં લાંબા–મોટાં હોય છે. આપણાં અહીંના જેવા નાના–નાના સામાન્ય આયુષ્ય નથી હોતા. તો તો કયાંથી બધા પાપકર્મોની સજા ભોગવી શકે ?

# સાત નરકમાં શરીર તથા આયુષ્ય પ્રમાણ

| શરીર પ્રમાણ ઓછી ઉંચાઈ | જઘન્યઆયુષ્ય | ઉત્કૃષ્ટ આયુષ્ય | શરીરપ્રમાણ વધુમાંવધુ ઉંચાઈ |
|---|---|---|---|
| ૩ હાથ | –૧૦૦૦૦– | ૧ સાગરોપમ | –૩૧ હાથ |
| ૩૧હાથ | ૧સાગરોપમ | ૩ ,, | –૬૨ હાથ |
| ૬૨IIહાથ | ૩ ,, | ૭ ,, | –૧૨૫ હાથ |
| ૧૨૫ હાથ | ૭ ,, | ૧૦ ,, | –૨૫૦ હાથ |
| ૨૫૦ હાથ | ૧૦ ,, | ૧૭ ,, | –૫૦૦ હાથ |
| ૫૦૦ હાથ | ૧૭ ,, | ૨૨ ,, | –૧૦૦૦ હાથ |
| ૨૦૦૦ ,, | ૨૨ ,, | ૩૩ ,, | –૨૦૦૦ હાથ |



જઘન્ય એટલે સાવ ઓછામાં ઓછું. અહીંયાં આપણું ઓછામાં ઓછુ આયુષ્ય-જેમ માતાના ગર્ભમાં પ્રવેશ કર્યો અને જીવ માત્ર ૨ ઘડીના અંતર્મુહૂર્ત પુરતો રહીને પણ મૃત્યુ પામી શકે છે, અર્થાત આપણું ઓછામાં ઓછું જેમ ૨ ઘડીનું અંતર્મુહૂર્તનું આયુષ્ય હોઇ શકે છે તેટલુ નરકમાં ઓછામાં ઓછુ ૧૦ ૦૦૦ દસ હજાર વર્ષોનું આયુષ્ય હોય છે. દરેક નરક-માં જઘન્ય આયુષ્યનું પ્રમાણ જુદુ જુદુ છે.

એ જ પ્રમાણે વધુમાં વધુ આયુષ્યને ઉત્કૃષ્ટ આયુષ્ય કહેવાય છે. તે પહેલી નરકમાં ઉત્કૃષ્ટ આયુષ્ય ૧ સાગરોપમ છે.

૧ સાગરોપમ = ૧૦ કોડાકોડી પલ્યોપમ

૧ પલ્યોપમ = અસંખ્ય વર્ષો

આટલું ૧ સાગરોપમ તો ફકત પહેલી રત્નપ્રભાનરક માં આયુષ્ય છે. તે પછી જેમ બીજી ત્રીજી એમ નીચે નીચેની નરકમાં જઇએ તેમ ઉત્કૃષ્ઠ આયુષ્ય પ્રમાણ વધતુ જ જાય છે. (૧) ૧, (૨)-૩, (૩)-૭, (૪)-૧૦, (૫)-૧૭, (૬)-૨૨, (૭)-૩૩ સાગરોપમ પ્રમાણ છે. એ જ પ્રમાણે જઘન્ય આયુષ્ય (૧)-૧૦૦૦૦વર્ષ (૨)-૧, (૩)-૩, (૪)-૭, (૫)-૧૦, (૬)-૧૭, (૭) ૨૨ સાગરોપમ વર્ષો છે. આ જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચેનું મધ્યમ આયુષ્ય તે તે નરકોના પ્રતરોમાં છે. દા. ત. ૧૮, ૧૯, ૨૦, સાગરોપમોના આયુષ્યો પણ છે.

સાત નરકોના- ૧૩, ૧૧, ૯, ૭, ૫, ૩ અને એમ ક્રમશ : આ પ્રમાણે કુલ ૪૯ પ્રસ્તરો છે. તે તે દરેક પ્રસ્તરોમાં નારકી જીવોનું આયુષ્ય જુદુ જુદુ છે. ત જ પ્રમાણે શરીરની ઉંચાઇ આદિનું પ્રમાણ પણ ભિન્ન ભિન્ન છે. નરકમાં

શરીરની ઉંચાઈ હાથના માપથી માપવામાં આવે છે. એટલે અત્રે ચિત્ર સાથેના કોષ્ઠકમાં તે તે નરકમાં ઓછામાં ઓછી ઉંચાઇ કેટલી છે તે બતાવી છે. (૩ હાથ) અને તે તે નરકો માં વધુમાં વધુ ઉંચાઇ પણ કેટલી છે તે દર્શાવી છે. ૨૦૦૦ હાથ સાતમી નરકમાં. આ પ્રમાણે વચ્ચેની અર્થાત મધ્યમ ઉંચાઇ તે તે નરકના પ્રસ્તરોમાં ભિન્ન ભિન્ન ઉંચાઈ હોય છે. આ તો દરેક નરકના સ્વાભાવિક શરીરોની ઉંચાઇ કહી. પરન્તુ કૃત્રિમ ઉંચાઇ અર્થાત ઉત્તર વૈક્રિય શરીર બનાવે ત્યારે તેઓ પોતાના શરીર કરતાં પણ ડબલ ઉંચાઈ પ્રમાણમાં પણ બનાવી શકે છે. અને નાનામાં નાનું શરીર કરવું હોય તો તેઓ અંગુલના અસંખ્યાતમાં તથા સંખ્યાતમા ભાગ જેવડુ પણ કરી શકે છે. તેમનું વૈક્રિય શરીર છે માટે.

નારકીઓના શરીર એકદમ કુબ્જ છે, પાંખો કાપીનાંખેલા પક્ષીઓના જેવુ વિરૂપ દેખાય છે. એમના શરીરનો વર્ણ (રંગ) પણ અત્યન્ત નિકૃષ્ઠ, અતિભીષણ, તથા મલીન હોય છે. ગધેડા, અને ઉંટ જેવી એમની ચાલ (ગતિ) પણ બેડોળ શરીરના કારણે લાંબી–ટુંકી અને વિચિત્ર અપ્રિય હોય છે. સતત પીડાતા એવા નારકીઓના અવાજો–શબ્દો અને ધ્વનિ તો જાણે રોજ વિલાપ કરતા કરતા રડતા હોય તેવો અત્યન્ત દારૂણ–દુઃખદાયક હોય છે. સાંભળનારને પણ ભય અને દુઃખ ઉત્પન્ન થાય.

નારકીઓનો જઠરાગ્નિ (પેટનો અગ્નિ) એટલો બધો પ્રદીપ્ત–પ્રજવલિત હોય છે કે દુનિયાભરના ઘી અન્ન વગેરે તેમને ખવરાવવામાં આવે તો પણ તૃપ્તિ ન થાય. જો કે નર-

કમાં ખાવા-પીવાનું કંઇ પણ હોતુ નથી. પરન્તુ આ તો ઉપમાથી સમજાવવામાં આવે છે કે એમને ભૂખ-તરસ એટલી ભયંકર હોય છે કે તેમને એક સાથે આટલુ બધુ દુનિયાભરનું ઘી-દૂધ-અનાજ મળી જાય તો પણ તેમની ભૂખ ન શમે. આવી તીવ્ર ક્ષુધા વેદના હોય છે.

## નરક ગતિમાં લેશ્યા પરિણામાદિ

**नित्याशुभतरलेश्या परिणाम-देह-वेदना-विक्रिया: ॥ ३-३**


નરક ગતિમાં જે કંઈ પણ હોય છે તે સર્વ અશુભ જ હોય છે. શુભ કંઇ હોતુ જ નથી. દા. ત. નરકગતિના નારકી જીવોના વિચારોની તરતમતા જેને લેશ્યા કહેવાય છે તે અશુભ હોય છે, તેમના પરિણામો ઘણાં અશુભ હોય છે, તેમના શરીર (દેહ) પણ અશુભ, કુરૂપ અભદ્ર દેખાય છે. હુંડક સંસ્થાનવાળું, બધા અંગોપાંગાદિ અવયવો બેડોળ હોય છે. શુભ-પવિત્ર નથી હોતુ, મલ-મૂત્રાદિ અશુભ ગંદા પદાર્થો જેવુ હોય છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, ધ્વનિ પણ અશુભ ખરાબ હોય છે. વધારે પડતો કાળો રંગ બીહામણો હોય છે. એ જ પ્રમાણે નરક ગતિની વેદના અને દુઃખો તથા ઉત્તર વૈક્રિય શરીર પણ અત્યન્ત અશુભ હોય છે.

## નારકીઓની લેશ્યા

૬ લેશ્યામાંથી કૃષ્ણ, નીલ, અને કાપોત આ ત્રણ અશુભ લેશ્યા તરીકે ગણાય છે. નરકગતિમાં આ ત્રણે અશુભ લેશ્યા જ હોય છે. પરસ્પર એકબીજાને પણ મારવા કાપવાના જ વિચારો હોય છે. સારા વિચારોનો પણ દુષ્કાળ હોય છે. હા. સમ્યગ્ દૃષ્ટિ જીવોની લેશ્યા શુભ પણ હોય

છે. પરંતુ એમને બાદ કરીએ તો મોટા ભાગના નારકી જીવો અશુભ લેશ્યાથી ઘેરાયા હોય છે.

છઠ્ઠી— સાતમી નરકમાં કૃષ્ણ લેશ્યા, પાંચમીમાં ઉપરના ભાગમાં નીલ અને નીચેના ભાગમાં કૃષ્ણ લેશ્યા હોય છે, ચોથીમાં નીલ અને ત્રીજી નરકના ઉપરી ભાગમાં કાપોત અને



નીચેના ભાગમાં નીલ લેશ્યા હોય છે. પહેલી – બીજી નરકમાં કાપોત લેશ્યા હોય છે. એથી એ જીવોની વિચારધારા અત્યંત ખરાબ હોય છે, જેમાં કાષાયની બહુલતા ઉગ્રતા હોય છે.

**અશુભ પરિણામ—**

માનસિક પરિણામો તો નારકી જીવોના અશુભ હોય છે. પરંતુ અહીંયા પરિણામ શબ્દથી માત્ર માનસિક પરિણામ નહીં પણ પુદ્‌ગલ પરિણામ લેવામાં આવે છે. નરકમાં પુદ્‌ગલોનો પરિણામ પણ અત્યંત અશુભ હોય છે.

૧૦ પ્રકારના–પરિણામ

બંધન, ગતિ, સંસ્થાન ભેદ વર્ણ. ગંધ રસ. સ્પર્શ, અગુરૂલઘુ શબ્દ

શરીરરૂપે બંધાતા પુદ્‌ગલો પણ અત્યન્ત અશુભ હોય છે.

**ગતિ**–તેમની ગતિ ગધેડા ઉંટાદિ જેવી અપ્રશસ્ત–વિહાયોગતિ નામકર્મના કારણે હોય છે. **સંસ્થાન**–તેમનો શારિરિક આકાર અને ભૂમિની આકૃતિ પણ બીહામણી, ભયજનક, ઉદ્વેગકારક હોય છે. **ભેદ**–શરીર, ભીંત, આદિ સ્થાનોમાંથી છુટા પડતા પુદ્‌ગલો પણ અત્યન્ત અશુભ હોય છે. **વર્ણ**– બધે અંધારુ છવાયેલુ હોય છે. જમીન ઉપર તળીયાનો ભાગ વગેરે પણ કફ–થૂંક–શ્લેષ્મથી લેપાયેલો– ખરડાયેલો હોય છે. દરેક પદાર્થ-નો વર્ણ ત્રાસ ઉપજાવે તેવો કૃષ્ણ કાળો હોય છે. **ગંધ**–નરકમાં દુર્ગન્ધ તો માથુ ફાડી નાંખે તેવી હોય છે. ઝાડો–પેશાબ–લોહી –પરૂ, માંસ–ચરબી વગેરેની ભયંકર દુર્ગંધ મારતી, તથા તે પદાર્થોથી ખરડાયેલી નરક પૃથ્વીઓ હોય છે. **રસ**– નરક ભૂમિઓના પદાર્થોનો રસ-કડવા લીંબડા જેવો હોય છે.

જ્યાંના કોઇપણ પદાર્થો મધુર રસવાલા સારા પ્રિય હોતા નથી.
**સ્પર્શ**—નરકના પદાર્થોના સ્પર્શ પણ જાણે સાપ કે વીંછીના ડંખ જેવા લાગે છે. અને અત્યન્ત ઉષ્ણ-ગરમ-શકિત હોય છે.
**અગુરૂલઘુ** —શરીરનો અગુરૂલઘુ પરિણામ પણ અનેક દુઃખોનો આશ્રય હોવાથી અનિષ્ટ અશુભ હોય છે.
**શબ્દ**— નારકી જીવો બિચારા સતત ચીસો પાડતા હોય છે, રડતા અવાજે બોલતા હોય છે. ભયકારક, ભયંકર અવાજ પણ કાઢતા હોય છે. છેદાત-ભેદાતા-કપાતા બિચારા નારકીઓ હે મા! ઓ બાપરે! અમને છોડાવો... બચાવો....બચાવો.... અરે.. રે.. આદિ અનેક જાતના કરૂણ અવાજો કરતા હોય છે તે સાંભળવાથી પણ ત્રાસ – દુઃખ થાય છે.

## નરક ગતિમાં વેદના

વેદના એટલે દુઃખ-ત્રાસ, પિડા, નારકીજીવોને કેટલી વેદના હોય છે.! અહીંયા પાપ કરીનેનરકમાં ગયા પછી કરેલા પાપની સજા, દારુણ વિપાકો જે ભોગવવાના હોય છે તે અત્યંત કુર હોય છે પીડાકારક, ત્રાસ ઉપજાવે તેવા હોય છે. સતત મરણતોલ વેદના અનુભવતા હોય છે, જો કે બધી નરકોમાં એક સરખી વેદના નથી હોતી. તેના પ્રકારો પણ જુદા જુદા હોય છે.

નરકની વેદના

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| પરસ્પરોદીરિત | અસુરોદીરિત | ક્ષેત્રકૃત |

## પરસ્પરોદીરિત વેદના—

પરસ્પરના વેરી-દુશ્મન બન્ને-અથવા ઘણા જીવો જો નરકમાં સાથે ઉત્પન્ન થયા હોય તો ક્ષેત્રાનુભાવજનિત શસ્ત્રોથી પરસ્પર લડે છે. અન્દર-અન્દર યુદ્ધ કરે છે.



કાપા-કાપી ચાલે છે. કદાચ દુશ્મન ન પણ હોય તો પણ સામસામે અથડાઇને પણ લડે છે. એક તો છઠ્ઠી, સપ્તમી વગેરે ઘોર અંધારી નરકો, એમાં પોતાને જ પોતાનું શરીર ન દેખાય અને ચાલતા કરતા અથડાઈને પણ લડે છે, બાઝે છે, લોહી-લુહાણ થઇ જાય છે. મિથ્યાદૃષ્ટિ નારકી પરસ્પર યુદ્ધ કરે છે. માત્ર સમકિતધારી આત્માઓ સમતાભાવે સહન કરે છે. તેઓ યુદ્ધ નથી કરતા. લડતા નથી. એક-બીજાને ડરાવવા, લડાવવા, લડવું, ભય પમાડવા વગેરે પરસ્પર કૃત વેદના હોય છે.

**"नारक संमूर्च्छिनो नपुंसकानि" ॥**

જગતના જીવો ત્રણ વેદમાં વિભક્ત છે. અહીંયા વેદ એટલે વિષય વાસના, કામ સંજ્ઞા. (૧) સ્ત્રીવેદ (૨) પુરૂષવેદ,


(૩) અને નપુંસકવેદ. નરકની ગતિમાં સાતે નરકમાં બધા નારકી જીવો નપુંસક જીવો નપુંસકવેદના ઉદયવાળા હોય છે. નપુંસકવેદના ઉદયવાળાને કામવાસના ખૂબ તીવ્ર હોય છે. સ્ત્રી પુરૂષ ઉભયની સાથે ભોગની તીવ્રવૃત્તિ તેની હોય છે. કામ-વાસનાથી પીડાતા ઘણાં જીવો ઘણી જાતનાં પાપો આચરે છે. વિચાર કરો કે નારકી જીવોને નપુંસક વેદનો ઉદય છે, કેટલી તીવ્ર તેમની કામસંજ્ઞા હશે! નરક ગતિમાં કોઇ સ્ત્રી-પુરૂષ તરીકે તો છે જ નહીં. બધા જ નપુસંક છે. અને એવી સ્થિતિમાં પોતાની કામસંજ્ઞા સંતોષવા શું શું કરતા હશે? કેટલા તોફાનો, કેટલા ધમપછાડા આ માટે કરતા હોય છે. પરંતુ તેમાં બિચારા વધુ ને વધુ દુઃખી જ થતા હોય છે. છતાં પણ મોહ છે. મોહનીય કર્મનો ઉદય છે. શું થાય? મૈથુનેચ્છા તો બધા જ પાપો કરાવે. અને એમાં ને એમાં ઘણાં વધારે દુઃખી થાય છે. આ પ્રમાણે અનેક પ્રકારની પરસ્પરોદીરિત દુઃખો–તીવ્ર વેદના નરક ગતિમાં સતત છે.

**અસૂરોદીરિત- પરમાધામી કૃત વેદના –**

**संक्लिष्टासुरोदीरितदुःखाश्च प्राक् चतुर्थ्याः ॥ ३-५**

ચોથી નરકની પહેલા એટલી ત્રીજી નરક સુધીના નારકીઓને અસુરનિકાયના પરમાધામીઓ જે સંકલેશ યુક્ત હોય છે તેમના તરફથી થતી વેદના અસુરોદીરિત વેદના છે. ૧ લી, ૨જી અને ત્રીજી આ ત્રણ નરકોમાં આવા અસુર નિકાયના ૧૫ જાતના પરમાધામી દેવો હોય છે. દેવતાઓ તરીકે તેમની ગણના ભવનપતિ દેવોમાં ગણાય છે. પૂર્વ ભવોમાં અત્યન્ત સંકલેશરૂપ કર્મ જેમણે કર્યા છે, અને

પાપકર્મ કરવામાં જેની અત્યન્ત રૂચિ રહેતી એવા જીવો મૃત્યુ પામીને દેવગતિમાં ભવનપતિમાં પરમાધામી બને છે. પરમ + અધાર્મિક= તે પરમાધામી એ બધા મિથ્યા દૃષ્ટિ



અને પરમ અધાર્મિક હોય છે. કર્મકલેશથી ઉત્પન્ન થનારા આ પરમાધામીઓનો સ્વભાવ પણ અત્યન્ત સંકલેશ યુકત ક્રૂર હોય છે. બીજાને દુઃખી જોઇને, દુઃખી કરીને જ આ લોકોને વધારે મજા આવે છે. બીજા જીવોને મારવા- કાપવા- છેદવામાં જ આ પરમાધામીઓને વધારે આનંદ આવે છે. એવો જ તેમનો સ્વભાવ થઇ ગયો હોય છે. વિકૃત મોઢાવાલા, પશુઓના જેવા મોઢા અને વિકૃત બિહામણા શરીરની વૈક્રિય રચના કરીને નારકી જીવોને ડરાવતા હોય છે. તેઓ ત્રીજી નરકની આગળ ચોથી નરકમાં જઈ નથી શકતા. બસ, તેટલી જ મર્યાદા છે—માટે ત્રીજી નરક સુધીના જીવોને વધુ ત્રાસ આપે છે—પીડે છે—મારે છે—કાપે છે. તેઓ તેમની મજા ખાતર કરતા હોય છે. પરંતુ નારકી જીવને તો કેટલી ભારે વેદના થતી હોય છે!

બીજા જીવોને મારવા-કાપવા આદિનું આવું ઘોર પાપ કરનારા પરમાધામીઓને પણ ભારે પાપ કર્મ બંધાય છે. અને આ પાપ કર્મના કારણે તેઓ પણ ત્યાંથી મૃત્યુ પામીને લવણ સમુદ્રમાં આવેલા દ્વીપની ગુફાઓમાં જળચારી "અંડ-ગોલિક" મનુષ્યો બને છે. મદ્ય-માંસમાં ખૂબ લોલુપ બને છે. રત્નદ્વીપના મનુષ્યો સમુદ્રમાંથી રત્નો કાઢવા માટે આ અંડ-ગોલિક મનુષ્યોની અંડની ગોળીને મેળવવા માટે તેમને યુક્તથી પકડીને ઘંટીમાં દળે છે. ૧ વર્ષ સુધી ઘંટીમાં દળાયા પછી તેમનું મૃત્યુ થાય છે. કારણ, તેઓ વજ્રઋષભનારાચ સંઘયણ-વાળા હોય છે. પછી તેમના શરીરનું ઘઉંના લોટ જેવું ચૂર્ણ થઇને બહાર નીકળે છે. તેમાંથી અંડગોળીઓ શોધે છે. તે લઇને રત્નદ્વીપના માણસો પોતાનું કામ કરી લે છે.

આવા પરમાધામીઓ ૧૫ જાતના હોય છે.

**पन्नरस परमाहम्मिआ पन्नत्ता तंजहा-अंबे अंबरिसी चेव सामे सबलेत्ति अ वरे । रुद्दोवरुद्दकाले अ महाकालेत्ति आवरे ॥१॥ असिपत्ते धणु कुम्भे वालुए वेअरणीति अ । खरस्सरे महाघोसे एते पन्नरसाहिआ ॥२॥** (સમવાયાંગ સૂત્ર)

(૧) અંબ (૨) અંબર્ષિ, (૩) શ્યામ, (૪) શબલ, (૫) રૂદ્ર (૬) ઉપરૂદ્ર, (૭) કાલ (૮) મહાકાલ, (૯) અસિ, (૧૦) પત્ર ધનુ, (૧૧) કુંભ, (૧૨) વાલુકા, (૧૩) વૈતરણી, (૧૪) ખરસ્વર, અને (૧૫) મહા-ઘોષ. આવા ૧૫ નામોથી તે ઓળખાય છે. આ પંદરે જાતિના પરમાધામીઓ ભિન્ન ભિન્ન પ્રકારે નારકીઓને હેરાન કરવામાં મારવા-કાપવામાં જ ખૂબ મજા માને છે.

(૧) અંબ૧ જાતિના પરમાધામીઓ તે ઘણી જાતના ભયો ઉભા કરીને ડરાવે છે. નારકીજીવોની પાછળ પડીને તેમને દોડાવે છે ઉપરથી નીચે ફેંકે છે, પત્થરની જેમ ફેંકીને વજ્રથી વીંધે છે.

(૨) અંબર્ષિ૨ આ બીજી જાતના પરમાધામીઓ નારકીઓને કાપીને ટુકડા કરવામાં, કાતરવામાં, જાણે શાક સમારતા હોય તેમ તેમના અંગોપાંગ કાપવામાં મજા માને છે. બોલની જેમ આમતેમ ફેંકે છે. દંડ વડે વીંધે છે.

(૩) શ્યામ૩ નારકીઓને જમીન ઉપર અફાળે છે, ચાબુકોથી પ્રહાર કરે છે. સામ-સામે ફેંકે છે. વજ્ર ભૂમિ ઉપર પછાડે છે, ખૂબ માર મારે છે.

(૪) શબલ૪ આ પરમાધામીઓ તો હદ કરે છે. બિચારા નારકીઓના પેટ ચીરીને આંતરડા બહાર કાઢી નાંખે છે. હ્રદય ચીરીને લોહી બહાર કાઢે છે. અને પાછા તેમને જ દેખાડે છે. માંસ ચીરીને ટુકડા કરીને બતાવે છે.

(૫) રૂદ્ર૫ નારકીજીવોને તલવાર ત્રિશૂળથી વિંધીને તેમાં પરોવીને ધગધગતી ચિતામાં હોમી દે છે. શસ્ત્રોથી ભેદીને મારે છે શૂળી ઉપર ચઢાવે છે. વગેરે રીતે આ મતના પરમાધામીઓ મારીને મજા અનુભવે છે.

(૬) ઉપરૂદ્ર૬ રૂદ્ર કરતાં પણ વધારે સવાયા ઉપરૂદ્ર છે. તે ઘણા ખતરનાક હોય છે. બિચારા નારકીઓના શરીરના

---

(१) आराइएहिं विंधंति मोग्गराइहिं तह निसुंभंति घाडंति अंबर तले मुंचंति य नारए अंबा ॥१०३॥ निहए य तह निसन्ने ओहय

(२) चित्तं विचित्तखंढेहिं । कप्पंति कप्पणीहि अंबरिसी तत्थ नेरतिए ॥१०४ ॥

ટુકડે ટુકડા કરી નાંખે છે. ખૂબ ત્રાસ આપે છે. અને તેમના જ માંસના ટુકડા તેમને પાછા ખવરાવે છે. સાથળ- હાથ-પગ-મસ્તકને કાપી નાંખે છે.

**(૭)કાલ૭** રડતા-ગભરાતા નારકીઓને આ પરમાધામીઓ પકડીને ગરમ ગરમ લોઢાની ધગધગતી લોઢીમાં નાખે છે. જીવતા બાળી નાંખવા આગમાં ફેંકે છે. કંદુ, ચુલા અને લોઢીમાં પકાવે છે.

**(૮)મહાકાલ૮** આ તો કાલ કરતાં પણ વધારે ખતરનાક મહા· કાલ નામના હોય છે. બિચારા નારકીઓના શરીરમાંથી માંસ ના ટુકડા જ – ટુકડા કાઢીને પાછા તેમને જ ખવરાવે છે. છોડતા નથી. સિંહના પુચ્છ જેવા કે કાકડી જેવા ટુકડા કાઢીને ખવરાવે છે.

**(૯) અસિ**-૯ નારકીઓના હાથ-પગ, પેટ, માથું વગેરે અંગોપાંગો તલવારથી છેદે છે. ભાલાથી ભોંકે છે. શસ્ત્રોવડે છેદીને છિન્ન ભિન્ન કરી નાંખે છે.

---

(૩) साडणपाडणतोत्तयविंधण तह रज्जुतलज्झारेहिं । सामा नेरतियाणं

(४) कुणंति तिव्वाओ वियणाओ ॥ १०५ ॥ सबला नेरइयाणं उयराओ तह य हिययमजझाओ। कड्ढंति अंतवसमंसफिप्फिमे छेदिडं यहुसो ॥ १०६ ॥

(५) छिंदंति असीहिं तिसूलसूलसुइसतिकुंततुमरेसु पोयंति चियासु दहंति निद्दयं नारए रुद्दा ॥ १०७ ॥

(६) भंजंति अंगुलंगाणि जद्द बाहू सिराणि कर चरणे कप्पंति खंडखंडं उवरूद्दा निरययासीणं ॥ १०८ ॥

मीरासु सुंठियेसुं कंडुसुय पयणगेसु कुम्भीसु । लोहीसु म पलवंते काला उ नेरइए ॥ १०९ ॥ छेतूण सीहपुच्छागिईणी तह कागणिप्पमाणाणि । खावंति मंसखंडाणि नारए तत्थ महकाला ॥ ११० ॥

(૧૦) **પત્રધનુ ૨** આ પરમાધામીઓ અસિપત્રના જંગલ વિકુર્વીને દેખાડે છે. છાયામાં બેસવા જનારા બિચારા નારકીઓને એ વનમાં જતા પણ ભારે દુઃખ. ઝાડના પાંદડા જ તલવારની ધાર જેવા હોય છે, જેથી તેમના કાન–નાક કપાઇ જાય છે. નારકીઓ આવે એટલે આ પત્ર ધનુઓ પવન વિકુર્વે,છે. અને તલવાર જેવા પાંદડાઓથી તેમના હાથ પગ કપાઇ જાય છે.

(૧૧) **કુંભ** કુંભી-પચનક, શુંઠક વગેરે સાધનો ઉપર ઉકળતા તેલ આદિમાં ભજીયાની જેમ તળી નાંખવાનું કામ આ કુંભ જાતિના પરમાધામીઓ કરે છે. બિચારા નારકીઓની શી દશા થતી હશે ?

(૧૨) **વાલુક** આ પરમાધામીઓ તો ભઠ્ઠીની તપેલી ભયંકર ગરમ રેતીમાં નારકીઓને તડતડ ફૂટતા ચણાની જેમ શેકી નાંખે છે. કદંબવાલુકા નામની પૃથ્વીમાં તપેલીમાં રાખ્યા હોય તેમ ભુંજી નાખે છે.

(૧૩) **વૈતરણી** વૈતરણી નદી વિકુર્વીને તેમાં બિચારા નારકીઓને ચલાવે છે. તેથી તેમનું નામ પણ વૈતરણી છે. આવી નદીમાં ઉકળતા લાક્ષારસ જેવો ધોધમાર પ્રવાહ વહેતો હોય છે. તેમાં લોહી, ચરબી, વાળ, પરૂ, હાડકા વગેરે વહેતા હોય છે. અને પછી ખૂબ તપી ગયેલી લોખંડની

---

हत्थे पाप उरू बाहु सिरा तह य अंगुवंगाणि । छिंदंति असी असिमाइएहिं निच्चं पि निरयाणं ॥ १११ ॥पत्तधणुनिरयपाला असिपतवणं विउविउं काउं । दंसंति तत्थ छायाहिलासिणो जंति नेरतिया ॥ ११२ ॥ तो पवणचलिततरुनिवडिएहिं किर तेसिं । कण्णोट्ठनासाकर चरणउरुमाईणि छिंदंति ॥ ११३ ॥

નાવમાં બેસાડે છે.

**(૧૪)ખરસ્વર**– જોર જોરથી કઠોર શબ્દો– અવાજો કરતા દોડતા આવતા આ જાતિના પરમાધામીઓ નારકીઓ પાસે કુહાડાથી શરીરની ચામડી છોલાવે છે. કાંટાઓના ઝાડ ઉપર ચઢાવે, કાંટઓ ઉપર ચલાવે. લાકડાની જેમ તેમને કરવતથી કાપે છે.

(૧૫) **મહાઘોષ** – ગગનભેદી શબ્દો– અટ્ટહાસથી નારકીઓને રડાવે છે. ભયભીત થઈને નાસભાગ કરતા પરમાધામીઓ તેમને પકડીને વધસ્થાનમાં મારે છે. એવી ઘણી રીતે મારે છે.

## કરેલા પાપકર્મોના દારૂણ વિપાકોની સજા તે નરકગતિમાં કેવી ભોગવાય છે ?

હસતા તે બાંધ્યા કર્મ રોતાં નહી છૂટે રે પ્રાણિયા.... હે જીવ ! આજે આ મનુષ્ય તિર્યંચની ગતિમાં અત્યન્ત હસતા હસતા મજામાં, મોજની ખાતર પણ જે જે ઘોર પાપ કર્મો અહીંયા જીવો બાંધે છે તેની ઘોર સજા તો નરક ગતિમાં જ મળશે. કરેલા ભારે પાપકર્મો સજા–દુઃખ ભોગવ્યા વિના એમ ને એમ છૂટી નથી જતા.

**कृतं कर्म अवश्यमेव भोक्तव्यं कल्पकोटि शतैरपि**


કરેલા ભારે નિકાચિત કર્મો તો અવશ્ય ભોગવવા જ પડે છે. ભલેને કરોડો વર્ષો વીતી જાય તો પણ છૂટકો જ નથી. જેવા કરીએ છીએ તેવા જ ફળ ભોગવવા પડે છે. જેવુ વાવીએ છીએ તેવુ જ લણીએ છીએ. જે પાપ કરીએ છીએ તે જ ભોગવવાનું હોય છે. કરેલા કર્મો પ્રમાણે જ ગતિ ને સજા છે. બીજો કોઇ આપનાર ઈશ્વર નથી. આમાં ઇશ્વરને

કર્તા માનવાની ભૂલ કરવાની જ નથી. નહીં તો પરમાધામી અસુરોને ઇશ્વર-ભગવાન માનવાનો મોટો દોષ આવી જશે. કર્મસત્તા જ પ્રબલ છે.

એક શ્રીમંત શેઠ કરોડો રૂપિયાનો માલિક ક્રોડાધિપતિ છે. પરન્તુ કરોડો રૂપિયા કમાયો છે કેવી રીતે? તે કરોડોની પાછળ પાપો કેવા ભયંકર કર્યા છે. દૂનિયાને તેની શ્રીમંતાઈ દેખાય છે. પરન્તુ તેની પાછળ કરેલા પાપો કોને દેખાય છે? ભલે શ્રીમંત હોય પણ પાપકર્માનુસાર રોગમાં રીબાઇ-રીબાઇને મરીને તેનો જીવ નરકમાં જાય છે. ત્યાં પરમાધામીઓ તેને કઢાઇમાં ઉકળતા તેલમાં ભજીયાની જેમ તળે છે.

કોઈની પણ શ્રીમંતાઇ- સંપત્તિ સાથે નથી આવતી. સાથે તો માત્ર કરેલા પાપ- પુણ્ય આવે છે. અને તે જીવને એકલા જવુ પડે છે. વિચાર કરો અહીંયાં સહેજ ગરમ તેલમાં હાથ ચડી જાય અથવા તેલનું ગરમ ટીપુ ચામડી ઉપર પડી જાય તો કેટલી વેદના થાય છે? તો પછી નરકમાં પરમાધામીઓ ઉકળતા તેલમાં ભજીયાની જેમ તળતા હશે ત્યારે તો શું થતુ હશે? પણ પરમાધામીઓને બિલ્કુલ દયા આવવાની જ નથી. તે તો નિર્દયપણે ક્રૂરતાથી મારે છે. કાપે છે. તળે છે. બાળે છે. ટુકડે ટુકડા કરી નાંખે છે.

પરન્તુ નરકમાં પરમાધામી કાપીને ટુકડા કરીને બીજાને પકડવા જાય છે ત્યાં તો નારકીજીવનું શરીર પારાની જેમ પાછું ભેગું થઇને ઉભું થઇને દોડવા જાય છે. ત્યાં પાછો પકડાય છે. શરીર વૈક્રિય છે. એટલે એક વારમાં મરે તેમ નથી. અને આયુષ્ય નિરૂપક્રમ છે. પૂરૂ આયુષ્ય ભોગવાયા પછી જ તેમનું મૃત્યુ થાય છે. તે સિવાય




નહીં. આ પ્રમાણે લાખો – કરોડો નહી. અસંખ્ય વર્ષો સુધી નરકની સતત વેદના ભોગવતો હોય છે. ૧ મિનિટ પણ નિરાંતનો હાશ.... એવો દમ પણ નથી ખેંચી શકતો. ઘડીભર પણ નિરાંતનો શ્વાસ નથી લઈ શકતો.

**વિષય વાસનાના પાપોની દારૂણ સજા –**



જીવોમાં પડેલી કામવાસના ઘણાં પાપો કરાવે છે. આ ચિત્રમાં એક સ્ત્રી પરપુરૂષની સાથે કામક્રીડા કરીને પોતાની વાસના સંતોષવા માંગે છે. વાસના તો આગમાં નાંખેલા ઘી જેવી છે. ભોગો ભોગવતા કોઈ તૃપ્તિ થતી જ નથી. પણ છાને– છપને કરેલા આ પાપોની સજા નરકમાં પરમાધામી સળગતી આગમાં કાંટામાં નાંખે છે. અને ઉપરથી તલવાર ઝીકે છે. માત્ર સ્ત્રી જ પર-પુરૂષગમન કરે છે, એવુ નથી. પુરૂષ પણ પરસ્ત્રીગમન કરે છે. ચાર પુત્રોનો પિતા પણ બીજાની સ્ત્રી સાથે ચેડા કરે છે, બળાત્કાર કરે છે, પિતા ભયંકર કામાતૂર થઈને પોતા-ની પુત્રી ઉપર બળાત્કાર કરે છે. શું આ ઘોર નીચ પાપ




નથી ? આ પાપની સજા રૂપે નરકમાં ક્રુર પરમાધામી ગરમ-ગરમ લાલચોળ થાંભલા સાથે ચોટાડીને ભાલા વડે માથું ફોડે છે.



વિષય સેવનમાં ક્યારેય તૃપ્તિ થતી જ નથી. તૃષ્ણા જ વધે છે. માનવ વાસનાનો ગુલામ બની જાય છે. અને કેટલો વિષયાસકત બને છે! ભોગમાં જ ધર્મ છે. ભૂખ્યા રહેવાથી ભગવાન નથી મળતા. તપ-ત્યાગમાં તો માત્ર કષ્ટ છે.

આવી નાસ્તિક વિચારધારાથી કરેલા પાપો અને તેમાં પણ આજના કહેવાતા હાલી નીકળેલા ભગવાનો મળી ગયા. જેમને સંભોગથી સમાધિની વાતો કરી અને તેમાં અજ્ઞાની જીવો લપટાઇ ગયા. ગમે તેની સ્ત્રી–દીકરી સાથે વ્યભિચારો આચર્યા પણ તેણે કરેલા પાપકર્મોની સજાનો વિચાર ન કર્યો.

ચિત્રમાં બતાવ્યા પ્રમાણે નરકમાં પરમાધામી સળગતી આગમાં કાંટામાં ઉભા રાખી દોરડાથી બન્નેને કસીને બાંધીને પછી લાકડુ ચીરે તેમ કરવતથી ચીરવા માંડશે. હાય....હાય.... બાપરે....અરેરે.... કરતા કરતા ભયંકર પીડા–દુઃખ જ ભોગવવાનું રહેશે. તે છોડે તેમ નથી. અહીંના ક્ષણિક સુખનીખાતર નરકમાં વર્ષોની કારમી સજા. વિષયવાસનાના સુખો શમિનિહના ક્ષણિક આનન્દ જેવા છે. શું જીવો આટલા મૂર્ખ છે કે ક્ષણિક સુખની ખાતર ભયંકર પાપો કરીને નરકમાં હજારો– લાખો વર્ષોની સજામાં ભયંકર ચીસો પાડતી કારમી વેદના ભોગવશે?



જુગાર– દારૂનો વ્યસની ઘણી ચોરીઓ કરે છે, લૂંટે છે.

ચોરીના ફળ સ્વરૂપે પરમાધામી નરકમાં ઘાણીમાં પીલે છે.



નિર્દયતાથી ઘરમાં માંકડ, લીખ કીડી.મંકોડા, વંદા મારવાનું પાપ કરનારને



નરકમાં અણીદાર છરાઓ ઉપર સૂવાડીને પરમાધામી ત્રિશૂલ ભોંકી મારે છે.




નિર્દયતાથી ક્રૂરતા પૂર્વક અબોલ મૂંગાપશુઓનો વધ- હિંસા કરનાર કસાઇ



નરકમાં બે પરમાધામી તે જ કસાઇના જીવને કરવતથી લાકડાની જેમ ચીરે છે.



બકરા, માછલા, વગેરે પશુઓને કાપી માંસનો વ્યાપાર કરનાર તથા લેનાર. ખાનાર.



લેનાર, વેચનાર, ખાનાર બધાને નરકમાં બે પર-માધામીઓ મસ્તક છેદીને મારે છે.



નિરપરાધી સ્ત્રીને જીવતી સળગાવી દેવાનું પાપ કરનારને



નરકમાં સળગતી આગની જ્વાલાઓમાં નાખી અસુરો ભાલાથી મારે છે,



ગુંડાગીરી, દાદાગીરીથી મારા-
મારી કરી ગળુ દાબીને મારનારને

નરકમાં પરમાધામી પછાડીને
પરશુથી ચીરી નાંખે છે.




પેટના જીવતા બાળકને મારવા
ગર્ભપાત કરનાર, કરાવનાર
માતા કે અન્યને પણ

નરકમાં પરમાધામી સળગતી
આગમાં જીવતા બાળીને
મારે છે.



દંભી-માયાવી-કપટી ભોળા લોગોને
કપટ કરી ઠગે છે, બનાવે છે,
ફસાવે છે.



તેને નરકમાં તીરો ઉપર
સૂવાડીને શિયાળીયાં-કૂતરાં
ખાય .



બેફામ અળગણ પાણી વાપરવુ,
જયણા, રક્ષા સાવન કરવાનું ફળ



પરમાધામી નરકમાં પાળ
ઉપર ઉંધો સુવાડીને ગુપ્તાંગો
છેદી-ભેદીને મારેછે.



પીસવા, દળવા, ખાંડવા વગેરે ધનેડાં, ઇયળ વગેરે જીવાતોની ઘોર હિંસા



પરમાધામીઓ નરકમાં જીવતી તેજ સ્ત્રીઓને ખાંડીને મારે છે.



જર-જમીન-જોરૂ-સ્ત્રી, શત્રુતા-વૈર-વૈમનસ્યથી લડનારાં યુધ્ધ કરનારા ઘણી નીચેની નરકમાં જઇને પરસ્પર લડીને કાપાકાપી કરીને પડે છે.



હાડ,માંસ, લોહી, પરૂ, મળ, મૂત્રાદિ થી ખદબદતી ભયંકર દુર્ગંધ મારતી અશુચીથી ભરેલી નરક ની વૈતરણી નદીમાં પડેલા જીવો તીવ્ર વેદના ભોગવે છે.



દારૂ–ગાંજા વગેરેના વ્યસનીઓ દારૂ આદિ પીને જે ગંદા પાપો કરે છે.



તેના ફળ રૂપે નરકમાં પરમાધામી તપાવેલુ ગરમ સીસું પીવરાવી પીડે છે.

આ પ્રમાણે વિવિધચિત્રોમાં જોવાથી પરમાધામી કૃત વેદના અને તીવ્ર ત્રાસનો ખ્યાલ આવી શકે છે. કેટલી નિર્દયતા, ક્રુરતા અને કઠોરતથી પરમાધામીઓ મારે છે, કાપે છે, પીડે છે, ચીરી નાખે છે, ફાડી નાખે છે. પ્રહાર કરે છે. અગ્નિમાં પ્રવેશ કરાવે છે. ઉકળતા તેલની કઢાઇમાં ભજીયાની જેમ તળી નાંખે છે, લાકડું કાપે તેમ કરવતથી કાતરી નાંખે છે, ભાલાથી વીંધી નાંખે છે. ટુકડે ટુકડા કરીને ખવરાવે, તપતુ સીસું મોઢામાં નાંખે. આકાશમાં ઉપર ઉછાળે, અને કપડા ધોઇએ તેમ જમીન ઉપર પછાડે છે. દોરીથી બાંધી દઇને ખેંચે, વજન ભરીને ગાડુ ચલાવવા ગાડામાં જોડે, વીંછી–કૂતરા વાઘ, સિંહાદિ પશુઓ વિકુર્વીને હાથ–પગાદિ ખવરાવે. વન ઉભું કરી વાયરો વિકુર્વે જેમાં હવામાં કાગળની જેમ ઉડે–પડે – પછડાય, અણીદાર કાંટા, ભાલા ઉપર પરાણે ચલાવે છે. જોરથી બીહામણા અવાજો કરીને ડરાવે.

પુજ્ય શ્રી શીલાંકાચાર્યજી મહારાજ આચારાંગ સૂત્રની ટીકામાં લખે છે કે

**नरकगतौ चत्वारो योनिलक्षाः पञ्चविंशति-कुलकोटिलक्षाः। श्रवणलवनं, नेत्रोद्धार, करक्रमपाटनं हृदयदहन, नासाच्छेदं प्रतिक्षण दारूणम । कटाग्निदहनं तीक्ष्णापातत्रिशूलविभेदनं, दहनवदनैः कक्डेघोरैः समन्तविभक्षणम् ॥ १ ॥** નરકમાં ચાર લાખ યોનિ, પચીશ ક્રોડલાખ કુલ છે. દરેક ક્ષણે ભયંકર રીતે કાનને કાપવા, આંખોને ફોડવી, હાથપગ છેદવા, હૃદય બાળવું નાસિકા છેદવી, તીક્ષ્ણ પડતા ત્રિશૂલથી છેદવું. અગ્નિમુખ ભયંકર કંક પક્ષીઓથી ચારે બાજુ ભક્ષણ કરાવું. ૧

**तीक्ष्णैरसिमिर्दीप्तैः कुन्तैर्विषमैः परश्वधैश्चक्रैः परशु-त्रिशुलमुद्गर तोमरवासीमुषण्ढीभिः ॥ २ ॥ सम्भिन्नतालुशिर-सच्छिन्नकर्णनासौष्ठाः । भिन्नहृदयोदरान्त्रा भिन्नाक्षिपुटाः सुदुःखार्त्ताः ॥ ३ ॥**

તીક્ષ્ણ તલવારો, ચમકદાર 'ભાલાઓ, ભયંકર જમૈયા, ચક્રો, કુહાડા, ત્રિશૂલ, મુદ્‌ગર, સાગ, વાંસલા, બંદૂકો આ હથિયાર વડે. ૨. તાલુ, મસ્તક, કાન, નાસિકા, ઓષ્ઠ હૃદય પેટ. આંતરડા, ચક્ષુયુગલ વગેરેના છેદનભેદન કરાતા ખૂબ દુઃખી છે. ૩

**निपतन्त उत्पतन्तो विचेष्टमाना महीतले दीनाः । नेक्षन्ते त्रातारं नैरयिकाः कर्म्मपटलान्धाः ॥ ४ ॥** કર્માન્ધ, દીન, નારકો ભૂમિતલ ઉપર, ઊંચાનીચા કરાતા, કોઇ રક્ષકને જોતા નથી. ૪

એ જ પ્રમાણે શ્રી નંદી સૂત્રની વૃત્તિમાં પુજય મલયગિરિજી લખે છે–

**नरकगतौ कुन्ताग्रभेदकरपत्रशिरः पाटनशुलारोपण-कुम्भिपाकासि पत्रवनकृतकर्णनासादिच्छेद कदम्बालुकापथगमनादिरुपगनेकप्रका दुःखमेव निरंतरम् नाक्षिनिमीलनमात्रमपि तत्र सुखम् ।**

નરકગતિમાં, ભાલાના અગ્રભાગથી ભેદાવું, કરવતથી મસ્તક વિદારવું, શુળી પર આરોપણ કરવું. કુંભિમાં પકાવવું. અસિપત્ર વન વડે કર્ણ નાસિક વગેરેનો છેદ થવો, કદમ્બા પુષ્પાકાર રેતીના માર્ગે ચાલવું વગેરે અનેક પ્રકારનું નિરંતર દુઃખ છે. આંખનાં પલકારા જેટલા સમયમાં પણ ત્યાં સુખ નથી, આટલી તીવ્ર વેદનાઓમાં કપાય, છેદાય, ભેદાય છાતા

પણ નારકીઓ મરતા નથી. તેમનું આયુષ્ય નિરૂપક્રમ છે. ગમે એટલા આઘાતોથી પણ આયુષ્ય પુરૂ ન થાય, તેમજ તૂટી પણ ન જાય. એટલે જ નારકી જીવો આપઘાત, આત્મ હત્યા પણ કરી નથી શકતા. કપાયા પછી, ટુકડા કર્યા પછી જેમ પાણીનું ટીપુ પાછું પાણીમાં મળી જાય, અથવા પારો જેમ પારામાં મળી જાય સાંધો પણ ન દેખાય તેમ આ નારકીઓના શરીરો પણ અંગો ભેગા થતા જ જોડાઇ જાય છે અને ઉભા થઈને ચાલવા જાય, નાસવા ભાગવા જાય. ત્યાં તો પરમાધામી ફરી ફરી મારે છે. એમ માત્ર નરકમાં સતત વેદના દુઃખ ને ત્રાસ જ ભોગવવાનું છે. નારકીઓ પોતાનું આયુષ્ય સમાપ્ત થયા પછી પૂરેપૂરૂ ભોગવાઇ ગયા પછી જ મૃત્યુ પામે.

## ક્ષેત્રકૃત વેદના

આ તો વાત થઇ ફક્ત અસૂરો દ્વારિત પરમાધામીકૃત વેદનાની. પરન્તુ ત્રીજી નરક પછી ૪, ૫, ૬, ૭ આ ચાર નરકોમાં પરમાધામીઓ પણ નથી ત્યાં શું થતુ હશે. ? શું જ્યાં પરમાધામી મારનાર નથી ત્યાં મજા હશે ? ત્યા શું દુઃખ–પીડા–ત્રાસ–વેદના નહીં હોય ?

ના, એમ નથી. એક પછી બીજી નરકમાં અનેકગણું, બીજી પછી ત્રીજીમાં અનેક ગણું વધારે, એજ પ્રમાણે ત્રીજી કરતાં ચોથી અને ચોથી પછી પાંચમી–છઠ્ઠી-સાતમી નરકોમાં અનેક ગણું દુઃખ વધારે છે ત્યાં પરસ્પરકૃત અને ક્ષેત્રકૃત વેદનાનું પ્રમાણ છે. નારકીજીવોને આવી દશ પ્રકારની વેદના· ઓ થાય છે. એમ સર્વજ્ઞ ભગવંતો ફરમાવે છે.

**नरया दसविह वेयणासी उसिण खुह पिवास कंडूहिं ।
परवस्स जर-दाहं-भय-सोग चेव वेयन्ति ॥**

શીત (ઠંડી,) ઉષ્ણ (ગરમી), ક્ષુધા (ભૂખ), તૃષા (તરસ) કંડુ–ખરજવુ, પરવશતા, (જ્વર) તાવ, દાહ–બળતરા, શોક અને ભયાદિની દશ પ્રકારની વેદના અનેક ગણી વધારે નરકમાં છે. એક તો અહીંના સૂર્ય–ચન્દ્રાદિનો અંસમાત્ર પણ પ્રકાશ ત્યાં નરકપૃથ્વીઓમાં પહોંચતો નથી. તેથી સાતે નરકોમાં અંધારૂ વ્યાપેલુ છે. પહેલી પછી બીજી નરકપૃથ્વીમાં ઘણું વધારે, પછી વધુ ગાઢ....ગાઢ અંધારૂ છે. એટલે જ સાતમી નરકનું નામ મહાતમઃપ્રભા (તમસ્તમઃપ્રભા) અર્થાત ઘોર અંધારા–વાળી નરક જ્યાં અસંખ્યવર્ષો સૂધી પડી રહેલા નારકીઓને પોતાને જ પોતાની આંગળી પણ ક્યારેય દેખાતી નથી એટલુ ઘોર નિબીડ અંધારૂં છે. તો બીજા તો કયાંથી દેખાય? કોઇ સંભાવના જ નથી. અને પછી ચાલે, દોડે જાય, ભાગે એટલે એકબીજાને અથડાય, ભટકાય અને પછી લડવા માંડે ઝઘડવા માંડે અને મારામારી ઉપર ઉતરી જાય છે એટલે સૂધી કે લોહી લોહાણ થઈ જાય છે.

નરકમાં ઠંડી–એટલી ભયંકર હોય છે કે એ નારકીને જો અહીંયા લાવીને મહા મહિનાની સખત ઠંડીમાં હિમાલય ઉપર બરફ ઉપર સૂવાડી દીધો હોય અને ઉપરથી સૂસવાટા મારતો પવન ફૂંકાતો હોય તો તેને ઘસઘસાટ ઉંઘ આવી જાય તો પણ તેને ગમે આ હિસાબે વિચાર કરો નરકમાં અહીં કરતાં હજાર ગણી ઠંડી છે.

એ જ પ્રમાણે ગરમી પણ એટલી જ છે. એક નારકીને

જો ત્યાંથી અહીં લાવીને સળગતી ભઠ્ઠી ઉપર તપતા તવા ઉપર બેસાડવામાં આવે તો તેને ઘસઘસાટ ઉંઘ આવી જાય. એ હિસાબે કલ્પના કરો. નરકમાં ગરમી ઉષ્ણતાનું પ્રમાણ કેટલુ હશે ? હજાર ગણી ગરમી વધારે છે. આવી ગરમી જેમાં બિચારા શેકાઇ જાય. અને આટલી ગરમીના કારણે તેમને ભૂખ- તરસ કેટલી સખત લાગતી હશે તેની કલ્પના કરો. તરસની પણ એક જાતની વેદના હોય છે. અને તેના કારણે સતત તરફડતા હોય છે. ભારે ત્રાસ અનુભવતા હોય છે.

क्षुत्पिपासैरण्यजन्या, कण्डूर्देहेऽतिदुःखदा । अनन्तगुणितोऽत्रत्या जावज्जीवं ज्वरस्तथा ॥८॥ अनन्तघ्नं पारवश्यं दाहशोकभयाद्यपि । कष्टं विभंगमप्येषां परिशस्त्रादिदर्शनात् ॥ ९ ॥
લોકપ્રકાશ- ક્ષેત્રલોક

એજ પ્રમાણે બિચારા નારકીઓના શરીરમાં એક એક રૂંવાટે-રૂંવાટે રોગો ભરેલા હોય છે. ખાજ ખુજલી અને ખરજવુ તો એટલુ વધારે હોય છે કે-બ્લેડ- ચપુ- છરી- તલવાર લઈ ને સતત ખણો છતા પણ નારકીઓને નિરાંત નથી વળતી. સખત બહુ ઉગ્ર ખરજવા થી ખણી-ખણીને થાકી-થાકીને લોથ-પોથ થતા થતા અબજો વર્ષો (સાગરોપમો)નો કાળ પસાર કરે છે. કોઢ વગેરે રોગો પણ ભારે વ્યાપેલા હોય છે.

અહીંયા ડોકટર એક ઇંજેકશનની સોય મારે અથવા પગમાં કાંટો વાગે ત્યારે આપણે કેવી ચીસ પાડીએ છીએ ? એવી એક સાથે આખા શરીરમાં કરોડો સોચો ભોંકાતી હોય તેવી તીવ્ર વેદના થાય છે પણ શું કરે ? અહીંયા આપણને

દરદ ન થાય, દુઃખે નહીં તે માટે શીશી સુંઘાડીને ડોકટરો ઓપરેશન વખતે હાથ-પગ વગેરે કાપે છે. ચીરે છે, પરન્તુ નરકમાં સતત હાથ-પગ-નાક- કાન કપાતા જાય છે. કેટલી તીવ્ર વેદના !

ભયંકર તાવ.જવર અને દાહ-બળતરાની વેદના પણ તેમને કેટલી ? આપણે તેમના શરીરે જો સ્પર્શ કરીએ તો સળગતા અંગારાના સ્પર્શથી પણ વધારે લાગે, દાઝી જઈએ એટલો તાપ- જવર હોય છે. એટલી સખત બળતરા હોય છે. નરક પૃથ્વીઓની ભૂમિ જ એટલા અણીદાર કાંકરાવાળી હોય છે. અને અણીદાર છરાની બનેલી હોય છે. આવી જમીન ઉપર ચાલતા-ચાલતા પગ ચીરાઈ જાય લોહી-લોહાણ થઈ જાય એવી તો ત્યાંની ભૂમિઓ હોય છે. બિચારા નારકી જીવો ઉઘાડા પગે ચાલે પણ શી રીતે ? ચપ્પલ-બૂટ કપડા વગેરેનું તો ત્યાં નામ-નિશાન નથી. અને આવી પૃથ્વીઓમાં પાછી કાદવવાળી, લોહી-પરૂ વગેરેની વહેતી-નદીઓ જેવી ભૂમિ, કાદવ જેવી કીચડવાળી પૃથ્વીઓ, ગેતરણી નદી જેવી ભૂમિ- અહીંયા જમીનની નીચેની ગટર જેવી જમીનો અને એમાં કાદવના કીડાની જેમ સતત ચાલવું-બેસવું, જીવવું એટલે કેટલી યાતના ?

ત્રીજી નરકમાં પથરાયેલી રેતી એટલી તો સખત ગરમ તપેલી કે આપણા જેવો મનુષ્ય તો કલાકમાં શેકાઈને બળી જાય એવી નરકમાં બિચારાઓને કાયમ રહેવાનું છે. આ પ્રમાણે ત્યાં નરકમાં ક્ષેત્રકૃત એટલે એ ધરતીઓ ઉપરની આ દસ પ્રકારની વેદના છે. ભયંકર દુઃખ ત્રાસ છે.

## પરસ્પરકૃત વેદના :

આ નારકી વેદનાનો ત્રીજો પ્રકાર છે. અહીંયા જન્મના વૈર વૈમનસ્યના કારણે નરકમાં સાથે ઉત્પન્ન થયેલાં. ભેગા રહેતા નારકીઓ પરસ્પર કેટલી કાપાકાપી કરે છે: વૈર–ઝેર સામે યાદ આવે છે. અને જોતાં જ વૈરનો બદલો લેવા મારામારી કરે છે. જેમ અહીંયા સામ સામે યુદ્ધ કરે છે. તલવાર બંદુકો ચલાવીને કાપે છે. મારે છે. એ જ પ્રમાણે નરકોમાં આ અંદરો-અંદરની કાપાકાપી–મારામારી તો રોજ ચાલતી હોય છે. તેમને છોડાવનાર પણ કોણ ? કોઈ નહીં. તીવ્ર વેરના કારણે દુશ્મનાવટ ખૂબ જાગી જાય છે.

નારકીઓને ક્રોધ–માનાદિ કષાયોના ઉદયો કેટલા તીવ્રતર હોય છે? તેમનો કષાય એટલે? આપણે એની શી ઉપમા આપી શકીએ? શબ્દો નથી જડતા. એકબીજાને ડરાવવો, ભગાડવો, મારવો વગેરેની પરસ્પર કૃત વેદના ઘણી તીવ્ર હોય છે. આધી યુદ્ધાદિ જેવી પરસ્પર કૃત વેદના મિથ્યાદૃષ્ટિ નારકીઓજ ઉભી કરે છે–સમ્યકત્વી શાંત રહે છે. સમતા ભાવથી સહન કરે છે.પોતે થઇને ઉભી નથી કરતો.

આવા પ્રકારની (**परस्परोदीरिदु:खा: ।**) વેદના સાતે નરકમાં છે. ક્ષેત્રકૃત વેદના પણ સાતે નરકમાં છે. **संक्लिष्टा सुरोदीरित दु:खाश्च प्राक चतुर्थ्या ।** પરમાધામી અસુરો વડે કરવામાં આવતી તીવ્ર વેદના ફકત ચોથી પહેલા એટલે ફકત ત્રીજી નરક સુધી જ છે. તેની આગળ આ નથી. શ્રી પ્રશ્નવ્યાકરણાંગ સૂત્રમાં ફરમાવે છે–

असिवण-दब्भवण-जंतपत्थर-सूइतल-क्खारवायि-कल-कलंत-वेयरणि-कदम्बवालुया-जलिपगूहनिरंभणं उसिणोसिण कंटइलल-दुग्गमरहजोयणतत्तलोहमग्गगमण-वाहणाणि । इमेहीं विविहेहिं आयुहेहिं । किं ते मुग्गरमुसुंढि करकय सति हल गय मुसल चक्क कोंत तोमर सूल लउल भिंडिमाल सवल पट्टिस चम्मेट्ठ दुहण मुट्ठिय असिखेड्ग खग्ग चाव नाराय कणक कप्पिणि वासि परसु कंटक तिक्ख निम्मल अण्णेहि य एवमादिएहि असुमेहि वेउव्विएहिं अणुबद्धतिव्ववेरा परोप्पर वेयणं उदीरंति अभिहणंता ।

ખડગાકાર પત્રવાળું વન, દર્ભવન, ઘરટ્ટાદિ પત્થર, ઉભી સોયવાળી ભૂમિ, ખાર ભરેલી વાપિકા, સીસા વગેરેથી ભરેલી વૈતરણી નદી, કદમ્બ પુષ્પાકાર રેતી, બળેલી ગુફા વગેરેમાં રુંધાવું. ઉષ્ણ ઉષ્ણ કાંટાથી વ્યાપ્ત, દુર્ગમ રથમાં જોડાવું, તપેલા લોખંડના માર્ગે ગમન યોગ્ય વહન થવું, વળી આવા વિવિધ આયુધોવડે પીડાવું. તે આયુધો હથોડા, બંધૂક, કરવત, ત્રિશૂલ, હળ, ગદા, મુશલ, ચક્ર ભાલા, તોમર, બાણ, સાંગ, શૂલ, લાઠી, ગોફણ, સબલ, ખપ્પીઓ, ચર્મ વેષ્ટિત પ્રસ્તર, ઘણ, મુઠ્ઠી, કટારી, ઢાલ, તલવાર, ધનુષ્ય, બાણ, અણીયાલા બાણ, કાતરી, વાંસલો, કુહાડી, તીક્ષ્ણ, નિર્મલ બીજા પણ અશુભવિકુર્વેલા સેકડો હથિયારો વડે, અનબદ્ધ તીવ્ર વૈરવાળા જીવો પરસ્પર હણતા વેદના ઉત્પન્ન કરે છે.

विण-सुणग-सियाल-काक-मज्जार-सरभ दीविय-वियग्ध सद्दुलसीह- दप्पिय-खुहाभिभूतेहिं णिच्चकालमणसिएहिं घोरारसमाणभीमरुवेहिं अक्कमित्ता दढदाढा-गाढडक्क-कड्ढिय-सुतिक्ख-नह फालियउद्धदेहा बिच्छप्पंते समंतओ विमुक्क

संधिबंधणाविर्येगमंगा कंक कुरर-गिद्ध-घोर कट्टवायसगणेहि य पुणो खरथिरदढनकखलोहतुंडेहिं ओवविता पक्खाहय-तिक्खणवखविकिन्न-जिब्भंछियणण-नीदओलुग्ग विगतवयणा, उक्कोसंता च उप्पयंता निपतंता भमंता। सी उण्ह-तण्हा-खुह वेयण अप्पईकार अडविजम्मण-णीश्वमउव्विन्गवास-जग्गण बह बंधण-ताडणकणनीवायण-अट्ठीभंजण-नासाभेयप्पहारदुभण छवीच्छेयण अभिओग-पावण – कसंकुसारनिवाय-दमणाणि वाहणाणि य।

વરગડા, શ્વાન, શિયાળ, કાગડા, બિલાડા, અષ્ટાપદ, ચિત્રા, વાઘ, વ્યાઘ્ર પત્ય, સિંહ, દર્પિત અને ભૂખથી પીડાતાં નિત્ય ભોજન વિનાના ઘોર ભયંકર અવાજ કરતાં. તે પશુઓ વડે આક્રમણ કરાયેલા, દઢ કાઢો વડે ગાઢ રીતે કરડાયેલા, ખેંચાયેલા, તીક્ષ્ણ નખ વડે સર્વત્ર વિદારેલા દેહવાળા, સાંધા ઢીલા થયેલા અને અંગ વિરૂપ થયેલા નારકોને કંકપક્ષી, સમળી, ગીધ, અતિ કષ્ટકારી કાગડાના સમૂહ વડે, કર્કશ, સ્થિર, દઢ નખ અને લોહ મુખવાળા તે પક્ષીઓ વડે પાંખોથી હણાતા, તીક્ષ્ણ નખ વડે જીભ ખેંચાયેલા, આંખો કઢાયેલા, નિર્દય વિકૃત વદનવાળા તે નારકો ક્રન્દન કરતા, ઊંચે ઉછળતા, નીચે પડતા ભમતા વેદના સહન કરે છે. શીત, ઉષ્ણ, તૃષા, ભૂખાદિ વેદના વૈદ્યાદિથી રહિત જંગલમાં જન્મવું, નિત્ય ભયથી ઉદ્વિગ્ન, જંગલમાં વસવું, નિદ્રાનો ત્યાગ, વધ, બંધન, મારવું અગ્નિથી ચિન્હ કરવાં, ગર્તાદિમાં ફેંકવું, હાડકાં ભાંગવા, નાસિકામાં કાણાં પાડવા, પ્રહારથી દમન, અવયવ કાપવાં, પરાધીન કરવાં, ચાબુક, અંકુશ લોહશલાકાઓનું શરીરે પડવું, દમન કરવું, વાહન થવું વિ. વેદના પ્રાપ્ત થાય છે.

આ પ્રમાણે પ્રશ્ન વ્યાકરણાંગસૂત્રમાં ભિન્ન-ભિન્ન પ્રકારની વેદનાઓનું વર્ણન કર્યું છે.

**નરકમાં ઉત્પત્તિ વિષે**

એક વખત શ્રી ગૌતમ સ્વામીએ વીરપ્રભુને પ્રશ્ન પૂછયો- હે ભગવંત! રત્નપ્રભા આદિ સાતે નરક પૃથ્વીઓમાં એક સમયે કેટલા નારકીઓ ઉત્પન્ન થતા હશે?

**ईमीसे णं भते । रयणप्पहाए पुढवीए नेरतिया एक्कसमएणं केवतिया उववज्जंति ? गोयमा ! जहण्णेणं एक्को वा दो वा तीन्न वा उक्कोसेणं संखेज्जा वा उववज्जंति एवं जाव अधे सत्तमाए ।**

સર્વજ્ઞ શ્રી વીરપ્રભુએ ઉત્તર આપતાં કહ્યું-હે ગૌતમ! જઘન્યથી એટલે ઓછામાં ઓછા ૧, ૨ અથવા ૩ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા અથવા અસંખ્યાતા નારકી જીવો નરકમાં ઉત્પન્ન થાય છે. અને એ જ પ્રમાણે સાતે નરકોમાં સમજવું. આ પ્રમાણે શ્રી જીવાભિગમ આગમમાં કહ્યું છે.

નારકીઓનો જન્મ ઉપપાત જન્મ કહેવાય છે. આવા ઉત્પન્ન થવાના તેમને માટે ૮૪ લાખ નરકાવાસો છે. અને ઉત્પત્તિયોનિઓ નારકીઓની ૪ લાખ ગણવામાં આવી છે. ત્યાં ઉત્પત્તિ સમયે પ્રથમ અંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલું નાનું તેનું શરીર હોય છે અને અંતર્મુહૂર્તમાં જ ઘણું મોટું થઇ જાય છે. સંકીર્ણ એટલે સાંકડી કુંભીમાં નહીં સમાતાં તે જીવો ઘાણીમાં પીલાતાં પશુની જેમ ચીસાચીસ કરે છે. આ ચીસો સાંભળીને નારકી જીવને ઉત્પન્ન થયેલો જાણીને નારકસંત્રી પરમાધામીઓ યમદૂતની જેમ દોડતા આવે છે. પકડો પકડો.... મારો....મારો....બોલતા બોલતા તલવાર ભાલા વડે

ભેદી વિંધે છે. ટુકડા કરી–કાપી નાંખી તેને કુંભીમાંથી બહાર કાઢે છે. નિર્દયપણે પીંડે.... તે બીચારા નારકીઓ નાસભાગ કરવા માંડે પણ તેમનું શું ચાલે? પછી તો કાપવા મારવાની વેદના શરૂ થઈ જાય છે. જન્મતાની સાથે જ આ વેદનાઓ છે. આ પ્રમાણે ભવભાવનામાં જણાવતા કહેવામાં આવ્યું છે કે

**अंगुलअसंखभागो तेसि शरीरं नहिं हवइ पढमं । अंतोमुहुत्तयेतेण जायइ संपि हु महल्लं ॥९३॥ पीडिज्जइ मो तत्तो घडियालसंकडे अमाबंतो । पीलिज्जंतो हत्थिव्व धाणए विरसमारसइ ॥९४॥ तं तह उप्पंपा पासिडग घाबंति हट्ठतुट्ठमणा । रे रे गिण्हहगिण्हह एयं दुट्ठंति जंपंता ॥९५॥ छोल्लिज्जंतं तह संकडाउ जंताओ वंससलियं व । धरिऊण खुरे कड्ढंति पलवमाणं इमे देवा ॥९७॥ एएय निरयपाला धावंति समंतओ व कलयलंता । रे रे तुरियं मारह छिंदह भिंदह इमं पावं ॥९९॥ इय जंपंता वाब्रल्लभल्लिसेलेहिं खग्गकुंतेहिं नीहरमाण विंधंति तह य छिंदंति निग्घणा ॥१००॥**

## નરકમાંથી ભાગીને કેમ નથી આવી જતા ?

શ્રી રાયપસેણીય નામના આગમમાં આ પ્રશ્નનો ઉત્તર આપતાં જણાવ્યુ છે કે —

**चउहिं ठाणेहि एएसी अहुणोववण्णए नरएसु नेरइए इच्छेइ माणुसं लोगं हव्वमागच्छित्तए नो चेव पां संचाएइ ? महाभूयवेयपां बेदेसाणे २ नरयपालेहिं भुज्जो भुज्जो समहिज्जिमाणे ३ निरय बेयणिज्जंसि कम्मंपांसि अक्खीसि अवेयंसि अनिज्जिन्नसिं ४ निरया ऽयंसिं कम्मंसि अकखीणंसि अनिज्जन्नसि.**

હે પ્રદેશી, નરકમાં તાજો ઉત્પન્ન થયેલો નારકી મનુષ્યલોકમાં આવવાને ઈચ્છે પણ ચાર કારણોથી આવી શકે નહિ.

૧ ભયંકર મોટી વેદનાને ભોગવવી. ૨. નરકના પાલક પરમાધામીઓનું વારવાર સતાવ્યા કરવું. ૩. નરકનું વેદનીય કર્મ ક્ષીણ ન થયેલું હોવાથી તેમજ નિર્જરાયું ન હોવાથી. ૪. નરકનું આયુષ્ય ક્ષીણ થયુ ન હોવાથી ભોગવાયુ ન હોવાથી તેમજ નિર્જરાયું ન હોવાથી. આવા કારણોસર કોઈ પણ નારકી જીવ જીવતા તો નરકમાંથી ભાગીને આવી શકે તેમ નથી.

## કઇ નરકમાંથી આવેલો જીવ શું પામી શકે ?

૧ પહેલી નરકમાંથી આવેલો જીવ ચક્રવર્તી થઇ શકે.

૨ બીજીમાંથી આવેલો વાસુદેવ કે બળદેવ પણ થઇ શકે.

૩ પહેલી ત્રણમાંથી આવેલ જીવ તીર્થંકર થઇ શકે છે. જેમ શ્રેણિક મહારાજા પહેલીમાંથી આવીને અને શ્રીકૃષ્ણ ત્રીજી નરકમાંથી આવીને આગમી ચોવીશીમાં તીર્થંકર બનશે.

૪ પહેલી ચારમાંથી આવેલો જીવ કેવળી થઇ શકે છે.

૫ ૧ થી ૫ માંથી આવેલ જીવ ચારિત્રપામી સાધુ થઇ શકે.

૬ ૧ થી ૬ માંથી આવેવ જીવ દેશવિરતિધર શ્રાવક થઇ શકે.


૭ ગમે તે નરકમાંથી આવેલ જીવ સમ્યકત્વ તો પામી શકે છે.

આ સર્વ લબ્ધિઓની સંભાવના તે તે જીવ માટે રહે છે. પામે જ એવુ નથી. પરન્તુ પુરૂષાર્થ–પ્રયત્ન વિશેષે કરીને પામી શકે છે.

## કયાં સંઘયણવાળા જીવો કઈ નરક સુધી જઇ શકે ?

૧. વજ્રઋષભ નારાચસંઘયણ વાળા જીવો સાતમી નરક સુધી જઈ શકે છે. (૨) ઋષભ નારાચ સંઘયણવાળા છઠ્ઠી સુધી ૩ - નારાચ સંઘયણવાળા જીવો પાંચમી સુધી, ૪ અર્ધનારાચવાળા

૬ સંઘયણો-




ચોથી નરક સુધી, પાંચમા-કીલિકા સંઘયણ વાલા જીવો ત્રીજી નરક સૂધી અને છટ્ઠા સેવાર્ત (છેવટ્ઠુ) સંઘયણ વાળા જીવો બીજી નરક પૃથ્વી સુધી જઇને ઉત્પન્ન થઇ શકે છે. સંઘયણ એટલે શરીરનો બાંધો, મજબૂતી. એ પ્રમાણે જીવો પાપો પણ વધુ તીવ્ર આદિ કરતા હોય છે તે કારણે તેમને તે તે વધુ નીચી તીવ્ર નરકોમાં જવુ પડતું હોય છે,

## એ પ્રકારે નારકી જીવો

ચાર ગતિમાં ૫૬૩ જીવોના જે પ્રકારો ગણવામાં આવ્યા છે, તેમાં નારકીઓને ૧૪ પ્રકારના ગણ્યા છે. સાત નરકના નામે ૭ પ્રકારના નારકી જીવો. પરન્તુ ૬ પર્યાપ્તિઓની

દ્રષ્ટિએ ૭ પર્યાપ્તા 卐 નરકગતિ નારકી–અને ૭ અપર્યાપ્તા નારકીઓ એમ ૧૪ પ્રકારના નારકીજીવો ગણવામાં આવ્યા છે. મિથ્યા દ્રષ્ટિ, મહાઆરંભ–સમારંભ કરનાર, મહાપરિગ્રહો, માંસાહારી, હિંસક વૃત્તિ વાળો, પંચેન્દ્રયાદિનો વધ–ઘાત કરનાર તીવ્રક્રોધી, અનન્તાનુબંધી કષાયની વૃત્તિવાળો, કૃષ્ણાદિ અશુભ ક્રૂર લેશ્યાવાળા જીવો તથા રૌદ્રપરિણામી જીવો, અતિ પાપ-મગ્નજીવો વિશેષ કરીને નરક ગતિનું આયુષ્ય બાંધીને નરક ગતિમાં જાય છે. નરકગતિમાં જનારા જીવોમાં ફક્ત મનુષ્ય તથા તિર્યંચગતિના પશુ–પક્ષીઓ આ બેજ ગતિના જીવો નરકગતિમાં જઈ શકે છે. પરન્તુ દેવલોક દેવના દેવતા નરકમાં નથી જતા. કારણ તેવા કારણો નો અભાવ છે. અને તે જ પ્રમાણે નારકીઓ મરીને પાછા તુરંત નારકી તરીકે નથી જન્મ લેતા. કારણ કે તેમને તેવા કારણોનો અભાવ હોય છે. હા, દેવલોકના દેવતાઓ પૂર્વભવના અતિસ્નેહપ્રેમ આદિના કારણને કારણે પોતાની વૈક્રીય શકિતથી નરકગતિમાં જઈને ઘડીભર પોતાના સ્નેહીને મળીને પાછો આવી જાય છે. પરન્તુ મરીને તુરંત ન જ જાય. એક ભવ મનુષ્ય તિર્યંચનો બાંધ્યા પછી જાય. ભૂતકાળમાં અનન્તા જીવો નરક ગતિમાં ગયા છે.

આ સંસારમાં ધર્મ કરતા પણ પાપનું પ્રમાણ ઘણું વધારે છે. તેથી પાપની સજા ભોગવવા માટે જીવો નરકમાં જનારા પણ ઘણાં વધારે. નરકગતિમાં પાપોની સજા વધુ પ્રમાણમાં ભોગવવાની છે. બાકી, ત્યાં ધર્મ નથી. ભગવાન નથી, સાધુ સંત નથી. દર્શન પુજા નથી. ભકિત ભાવના નથી. એટલે સદંતર ધર્મનો અભાવ જ છે. એટલે નરકમાં તો શું

ધર્મારાધના થઇ શકે ? ન જ થઇ શકે. જે કંઇ પણ ધર્મારાધના કરવી હોય તે અહીંયાં આ જન્મમાં જ કરી લેવી જોઇએ. અહીંયા સાક્ષાત દેવ-ગુરુ તથા ધર્મ હતો અને છે.

ત્યારે આરાધ્યો નહીં અને નરકમાં ગયા પછી પરમાધામીના પગે પડીને માફી માંગશો ? પરન્તુ ગમે એટલા પગે પડશો, આજીજી કરશો, માફી માંગશો તો પણ પરમાધામીને દયા નહીં આવે. પેલા અધર્મી છે. પરમ અધર્મી છે. સ્પષ્ટ કહેશે-કેમ ઉપર દેવ-ગુરૂ-ધર્મ હતા ત્યારે આરાધ્યા નહિં. માન્યા નહીં ? ત્યારે તો તું ઘણાં અભિમાનમાં હતો. અભિમાનમાંજ બોલતો ફરતો હતો.... હું ધર્મમાં નથી માનતો મને આમાં કોઈ શ્રદ્ધા નથી. વિશ્વાસ નથી. આ બધું હમ્બગ છે.... વગેરે તારા અભિમાનની ભાષા ઘણી વિચિત્ર હતી. અને હવે તું મારા પગે પડે છે. અરે....રે ! મનુષ્ય જન્મમાં તીર્થંકર ભગવાનને પગે પડયો હોત. માન્યો પૂજયા હોત તો અહીં આવવાનો અવસર જ ન આવત. પરન્તુ હવે શું થાય ? તેં ત્યાં કંઇ જ નથી કર્યું. ફકત પાપો જ ઉપાર્જન કર્યાં છે. હસતા હસતા પાપો ખૂબ બાંધ્યા છે. તો હવે આજે અહીંયા તેની સજા ભોગવવા તૈયાર થા. આ સમજીને માત્ર સમ્યગ દ્રષ્ટિ જીવો જ સમતા ભાવે નરકની વેદના સહન કરે છે. બાકી, મિથ્યા દૃષ્ટિ જીવો ખૂબ લડે છે, બાઝે છે. કાપાકાપી મારામારી કરતા હોય છે. બીજી બાજુ તીવ્ર નપુંસકવેદનો ઉદય હોય છે. નરકમાં કોઇ સ્ત્રી--પુરૂષ તરીકે નથી હોતા. બધા જ નપુંસક એટલે કામ-વિષય વાસનાનો પણ તીવ્ર ઉદય હોય છે. આ કારણે પણ મારામારી પરસ્પર ચાલતી રહે છે.

ઘડીભર શ્વાસ લેવા જેટલો સમય પણ નિરાંત કે શાન્તિ નથી.

[પ્રસંગોપાત અત્રે "નારકચર્ચા"ના વિષયને વધુ સ્પષ્ટ કરવા માટે નરકસંબંધી વિશેષ વિચાર કર્યો છે. આગમાદિ શાસ્ત્રોમાંથી નરકસંબંધી હકીકતો સંક્ષેપમાં સ્પષ્ટ કરી છે. જેથી આપણા જેવા સર્વ જીવોને નરક ગતિની પ્રતીતિ થાય.]



## અકંપિત ગણધરને સમાધાન તથા તેમની દીક્ષા

छिन्नंमि संसयम्मि जिणेण जर-
मरवा विंप्प मुक्केणा ।
सो समणो पव्वइओ तीहिं
सह खंडियसएहिं ॥

આ પ્રમાણે ગૌતમગોત્રીય અકંપિતદેવ દ્વિજોત્તમ વિપ્રવર્ય પંડિતે નરકગતિ અને નારકી જીવો વિષે સર્વજ્ઞ પરમાત્મા મહાવીર પ્રભુ સાથે ચર્ચાવિચારણા કરી અને તેમની શંકાનું સમાધાન થયું. મનઃ સંતોષ થયો. નરક ગતિની પ્રતીતિ થઈ. પ્રભુના વચનથી અથાર્થતા અને તત્વની વાસ્તવિકતા સમજાઇ ગઇ. સમ્યગ સાચું જ્ઞાન પામ્યા. સાચી દિશા પામ્યા. અને વાસ્તવિકતા સમજાઇ ગયા પછી પોતાના સંકલ્પ પ્રમાણે જીવન પ્રભુ ચરણે સમર્પિત કરવા તૈયાર થયા અને પોતાના ૩૦૦ શિષ્યો સાથે પ્રભુ પાસે દીક્ષા લીધી. પ્રભુનું શિષ્યત્વ સદાના માટે સ્વીકાર કર્યું. આઠમા ક્રમે ગણધર બન્યા. ત્રિપદી પામી દ્વાદશાંગી રચી. યથાર્થ તત્વનો જગતને ઉપદેશ આપ્યો. ૩૦ વર્ષનું કુળ ચારિત્ર પાળ્યું. કેવળજ્ઞાન પામી ૨૧ વર્ષ સુધી

કેવળી તરીકે વિચરી ૭૮ વર્ષનું કુલ આયુ પૂર્ણ કરી પ્રભુની હયાતીમાં જ રાજગૃહીમાં અંતિમ ૧ માસનું અનશન કરી નિર્વાણ પામ્યા. સદાના માટે આ સંસારથી મુક્ત થયા. સિદ્ધ-બુદ્ધ-મુક્ત નિરંજન-નિરાકાર બન્યા.

એમની ચર્ચાના આ વ્યાખ્યાનમાંથી આપણે સહુ કોઇ સાચુ તત્વ સમજી પાપ કરતાં અટકીએ અને નરકગતિથી બચીએ. કોઇ જીવ નરકગતિમાં ન જાય એ જ શુભેચ્છા સાથે સર્વ મંગળ.................... 卐

શિવમસ્તુ સર્વ જગતઃ

- શિબિરની સફળતાનો એક પ્રબળ પુરાવો -

પ. પુ. મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજના

## નરકગતિના સચિત્ર વ્યાખ્યાન પ્રસંગે ઉપસ્થિત સેંકડો ભાઇ-બહેનોએ તથા શિબિરાર્થી યુવાનોએ જાહેરમાં સામૂહિકરૂપે કરેલ

દારૂ, માંસ, ચોરી, જુગાર, પરસ્ત્રીગમન, વેશ્યાગમન, આદિ વ્યસનો તથા ગર્ભપાત, બળાત્કાર, દુરાચાર, અનાચાર આદિ ન સેવવાના પચ્ચખાણ.

માનસિક સંકલ્પ સાથેની જીવન ભરની

## પ્રતિજ્ઞા..

જીવનમાંથી પાપોને તિલાંજલિ....

સૌરાષ્ટ્રની ધરતી જામનગરના હજારો
શિબિરાર્થી યુવાનો તથા ભાઇ-બહેનોએ કરેલો

અનુમોદનીય ત્યાગ...
સ્વીકારેલી પ્રતિજ્ઞા...
લીધેલા પચ્ચખાણ....
બદલ શતશ ધન્યવાદ

જૈન શાસન જયવંતુ રહો....

શ્રી આદિનાથાય નમઃ

# પ. પૂ. મુનિરાજ
# શ્રી અરૂણવિજયજી મહારાજના

વિ. સં. ૨૦૪૦ની સાલના જામનગરના ચાતુર્માસ દરમ્યાન શ્રી વીશા શ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ જૈન સંઘે યોજેલ **૧૬ રવિવારીય ચાતુર્માસિક શ્રી મહાવીર જૈન** શિક્ષણ શિબિર માં ચાલતી દર રવિવારીય ગણધરવાદ **વિષયની સચિત્ર જાહેર વ્યાખ્યાન માળા** ના ૧૧ માં વ્યાખ્યાનની પ્રસ્તુત પ્રવચન પુસ્તિકા સ્વ.

# પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્
# હેમસાગર સુરીશ્વરજી મહારાજ

(ગચ્છાધિપતિ) ની આસો સુદ ૮ ની ચોથી પુણ્યતિથિ પ્રસંગે પુજ્યશ્રીની સ્મૃતિ અર્થે પૂ. સાધ્વીજી શ્રી મૃગેન્દ્ર શ્રીજી મ. ના શિષ્યા પૂ. સા. શ્રી સુયશાશ્રીજી મ. ના શિષ્યા પૂ. સા. શ્રી વિપુલ યશાશ્રીજી મહારાજ ના અત્રે જામનગર ચાતુર્માસ દરમ્યાન **તેમની** પ્રેરણાથી શ્રી વીશા શ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ જૈન **સંઘના મોટા ઉપાશ્રયની** શ્રાવિકા બહેનોએ કરેલ **સામૂહિક ફંડ માંથી** તથા



પ.પૂ.આ.મ.શ્રી હેમસાગર સૂરીશ્વરજી

શ્રી વીશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ જૈન સંઘના ઉદાર સહકારથી પ્રસ્તુત પ્રવચન પુસ્તિકા છપાવી પ્રસિદ્ધ કરવામાં આવી છે.

- શ્રી આદિનાથાય નમઃ -

## પ. પુ. મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજ

- ની પવિત્ર નિશ્રામાં -

## શ્રી વીશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ જૈન સંઘ


તરફથી યુવાનોના લાભાર્થે આયોજિત

- ૧૬ રવિવારીય ચાતુર્માસિક -

## - શ્રી મહાવીર જૈન શિક્ષણ શિબિર -

આસો સુદ ૬. રવિવાર તા. ૩૦-૯-૧૯૮૪

ની ૧૧ મી રવિવારીય શિબિર પ્રસંગે



સર્વે શિબિરાર્થીઓની સાધર્મિક ભકિત મુંબઈ· ના સુપ્રસિદ્ધ ઉદાર દાનવીર શેઠ શ્રી

**મહેતા તારાચંદ ધનજીભાઈ**

તેમના પરિવાર તરફ થી ...રવામાં આવી છે.

...શિબિરના સચિત્રગણ...
પ્રવચન પુસ્તિકા પણ તેમના
પ્રસિદ્ધ કરવામાં આવી
...ન સમાજના સુપ્રસિદ્ધ આવા
સહકાર બદલ સાભાર

તથા ચોથી શિબિરના સચિત્રગણધરવાદની 'કર્મ સિદ્ધિ' વિષયની પ્રવચન પુસ્તિકા પણ તેમના સૌજન્યથી છપાવી પ્રસિદ્ધ કરવામાં આવી હતી.

જૈન સમાજના સુપ્રસિદ્ધ આવા ઉદાર દાનવીરના સહકાર બદલ સાભાર ધન્યવાદ.